અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૮ ડિસેમ્બર ૨૦૨૩, સોમવાર
વિક્રમ સંવત ૨૦૮૦, માગસર સુદ છઠ

વર્ષ : ૧૫
અંક : ૧૩૮

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886






## પીએમ મોદીના હસ્તે સુરત ડાયમંડ બુર્સનું લોકાર્પણ । દુનિયાની સૌથી મોટી કોર્પોરેટ ઓફિસનું પણ ઉદ્ઘાટન કરાયું

# સુરતથી ગુજરાત અને ગુજરાતથી મારો દેશ આગળ વધશે : પીએમ મોદી

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સુરતીઓને સંબોધતા જણાવ્યું હતું કે ” સુરતીઓ કામમાં લોચા મારતા નથી અને ખાવામાં લોચો છોડતા નથી”

। સુરત, તા.૧૭ ।

પ્રધાનમંત્રી મોદી રવિવારે ગુજરાતના પ્રવાસે હતા ત્યારે સુરત એરપોર્ટ પર તેમનું શાનદાર સ્વાગત કરવામાં આવ્યું. જ્યાં ભવ્ય રોડ શો યોજવામાં આવ્યો. પીએમ મોદીએના હસ્તે સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ ઉપરાંત પીએમ મોદીના હસ્તે સુરતમાં તૈયાર કરાયેલાં દુનિયાની સૌથી મોટી કોર્પોરેટ ઓફિસનું પણ ઉદ્ઘાટન કરાયું. પીએમ મોદીના હસ્તે સુરત ડાયમંડ બુર્સનું લોકાર્પણ કરવામાં આવ્યું. જેમાં અંદાજેથી દોઢ લાખથી વધારે નવી રોજગારીની તકો ઉભી થશે.

પ્રધાનમંત્રી મોદીએ પોતાના સંબંધોન દરમ્યાન કહ્યુંકે, હુરત એટલે હુરત...કામમાં લોચો મારે નહીં અને ખાવામાં જોડે નહીં એ અમારા સુરતીઓ. સુરતનો વિકાસ થશે તો ગુજરાતનો થશે અને ગુજરાતનો વિકાસ થશે તો દેશનો વિકાસ થશે. ડાયમંડ બુર્સની ચમક આગળ દુનિયાની મોટી-મોટી ઈમારતોની ચમક ફિક્કી છે, સુરત એટલે સુરત. ટેક્સસ્ટાઈલ, ડાયમંડ અને ટુરિઝમ દરેક સેક્ટરમાં સુરતને લાભ થશે. આજે સુરત સૌથી ઝડપથી આગળ વધતા શહેરોમાં ટોપ-૧૦માં સ્થાન ધરાવે છે. પહેલાં સુરત સન સીટી હતુ, પછી ડાયમંડ સીટી બન્યું, હવે સુરત યુવાઓ માટે ડ્રીમ સીટી છે. સુરત આઈટીમાં પણ હબ બની રહ્યું છે. સુરતમાં ડાયમંડ બુર્સ બનાવવી એક ઈતિહાસ રચ્યો છે. તો આ સાથે પીએમ મોદીએ જણાવ્યુ કે પહેલા સુરતને સનસિટી તરીકે ઓળખવામાં આવતી હતી. તે હવો બુર્સ સિટી તરીકે ઓળખવામાં આવશે.

પ્રધાનમંત્રી મોદીએ વધુમાં જણાવ્યુંકે, તમે મોદીની ગેરંટીની ચર્ચા સાંભળતા હશો, પણ સુરતીઓ મોદીની ગેરંટીને બહુ પહેલાંથી જાણે છે. અહીંના લોકોએ મોદીની ગેરંટીની સચ્ચાઈમાં બદલાતા જોયું છે. સુરત ડાયમંડ બુર્સ પણ મોદીની ગેરંટીનું મોટું ઉદાહરણ છે. રફ અને પોલિશ્ડ ડાયમંડના ટ્રેડિંગનું મોટું હબ બનશે. આજે ૧૫ એકર ગ્રીન એરિયામાં બનીને તૈયાર છે ડાયમંડ બુર્સ. વિશ્વની સૌથી મોટી કોર્પોરેટ ઓફિસ છે સુરત ડાયમંડ બુર્સ. સુરત ડાયમંડ બુર્સ થી દોઢ લાખ નવા લોકોને રોજગારી મળશે. મારી ત્રીજી પારમાં ભારત દુનિયાની ટોપ-૩ ઈકોનોમિમાં જરૂર સામેલ થશે. સરકારે આગામી ૨૫ વર્ષનો ટાર્ગેટ પણ નક્કી કર્યો છે. જેમ્સ જ્વેલરી એક્સપોર્ટમાં ડબલ ડિઝિટમાં ૫ હોંચવાનો સુરતે ટાર્ગેટ રાખવો જોઈએ. તમારા દરેક પ્રયાસમાં સરકાર તમારી સાથે ઉભી રહેશે. વિવિધ ભાષાઓ શીખી જાઓ, દુનિયાના દેશો અહીં કામ-ધંધા માટે આવશે ત્યારે લેંગ્વેજ ઈન્ટરપ્રિનર તરીકે પણ રોજગારી મળશે.

પીએમ મોદીએ જણાવ્યુંકે, સુરતનું જુનું એરપોર્ટ સાવ ઝૂંપડી જેવું હતું. સુરત એરપોર્ટને આંતરરાષ્ટ્રીય એરપોર્ટનો દરજ્જો મળી ગયો છે. ડાયમંડ બુર્સ નવા ભારતની તાકાતનું પ્રતીક છે. સુરતમાં વેપારીકરણ વધારવા માટે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધારવા માટે કેન્દ્ર સરકાર વધુ ને વધુ ખર્ચ કરશે. સુરતને તમામ આધુનિક પ્રોજેક્ટ સાથે ભારત સરકાર જોડી રહી છે. તમામ પ્રકારે આધુનિક કનેક્ટીવી ધરાવતું સુરત એક માત્ર શહેર છે. સુરત આગળ વધશે તો ગુજરાત આગળ વધશે, ગુજરાત આગળ વધશે તો મારો દેશ આગળ વધશે. સુરતમાં મીની ભારત વસે છે.

સુરતથી દુબઈ અને હોંગકોંક સાથે ફલાઈટ શરૂ થશે. ગુજરાતમાં હવે અમદાવાદ, સુરત અને વડોદરા ત્રણ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ બની ગયા છે. દરેક સેક્ટરને લાભ થશે.

પીએમ મોદીએ જણાવ્યુંકે, સુરત સાથે મારો આત્મીય લગાવ છે. સુરતે મને ઘણું બધુ શીખવ્યું છે. જ્યારે સૌનો પ્રયાસ હોય છે તો મોટો પડકાર આસાન લાગે છે, સુરતની માટીમાં કંઈક વાત છે તેને સૌથી અલગ બનાવે છે. સુરતીઓના સામર્થ્યનો કોઈ મુકાબલો નથી. સુરતની યાત્રા ખુબ ઉતાર ચઢાવવાળી રહી છે. અંગ્રેજો પણ આ શહેરનો વૈભવ જોઈને અંજાઈ ગયા હતાં. પહેલાં સૌથી મોટા જહાજો પણ અહીં જ બનતા હતાં. એક સમયે ૮૪ દેશોના શીપના ઝંડા અહીં ફરકાતા હતાં. હવે ૧૨૫ દેશોના ઝંડા અહીં લહેરાશે. ગંભીર બીમારીઓ અને પુરથી પણ સુરત ઉભીને બહાર આવ્યું. સુરત પાસે ગજબની શક્તિ છે.
















## નાગપુરમાં વિસ્ફોટક બનાવતી કંપનીમાં ભીષણ વિસ્ફોટ થયો

। નાગપુર, તા.૧૭ ।

મહારાષ્ટ્રમાં નાગપુરમાં એક કંપનીમાં મોટો વિસ્ફોટ થયો છે. મળતી માહિતી મુજબ આ વિસ્ફોટમાં અત્યાર સુધીમાં ૯ લોકોએ જીવ ગુમાવ્યા છે. અનેક લોકો ઘાયલ થયા છે. નાગપુર ગ્રામ્યના એસપી હર્ષ પોદ્દારના જણાવ્યાં મુજબ નાગપુરના બજારગાંવ ગામમાં સ્થિત સોલર એક્સપ્લોઝિવ કંપનીમાં થયેલા વિસ્ફોટમાં ૯ લોકોના મોત થયા છે. આ વિસ્ફોટ કંપનીના કાસ્ટ બુસ્ટર યુનિટમાં થયો. મૃતકોમાં ૬ મહિલાઓ અને ૩ પુરુષો સામેલ છે. એવી આશંકા હતી કે અનેક લોકો હજુ આ કંપનીમાં ફસાયેલા છે. કંપનાના મુખ્ય પ્રવેશ દ્વાર પાસે ભારે પોલીસકર્મીઓ તૈનાત કરાયા હતા. વિધાયક અનિલ દેશમુખ ઘટનાસ્થળે પહોંચ્યા હતા.



### નર્મદામાં ત્રિદિવસીય સંમેલનનું ખાસ આયોજન

## કેવડિયા ખાતે યોજાશે વાર્ષિક સાહસ પ્રવાસન સંમેલન ૨૦૨૩



। નર્મદા, તા.૧૭ ।

નર્મદામાં ત્રિદિવસીય સંમેલનનું ખાસ આયોજન કરવામાં આવનાર છે. ૧૬ થી ૧૮ ડિસેમ્બર દરમિયાન નર્મદાના સ્ટેચ્યૂ ઓફ યૂનિટી ખાતે 'વાર્ષિક સાહસ પ્રવાસન સંમેલન ૨૦૨૩'નુ આયોજન કરવામાં આવ્યુ છે, જેનું આવતીકાલે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ઉદઘાટન કરવામાં આવશે. આ સંમેલનનું આયોજન ગુજરાતના પ્રવાસન નિગમના સમર્થન સાથે એડવેન્ચર ટૂર ઓપરેટર્સ એસોસિયેશન ઓફ ઈન્ડિયા (ATOAI) દ્વારા કરાયુ છે, આથી થીમ કાર્બન-નેગેટિવ અને સિંગલ-યુઝ-પ્લાસ્ટિક ફ્રી કાર્યક્રમ રહેશે. આવતીકાલે નર્મદાના કેવડિયાના સ્ટેચ્યૂ ઓફ યૂનિટી ખાતે 'વાર્ષિક સાહસ પ્રવાસન સંમેલન ૨૦૨૩'નું ખાસ આયોજન થઈ રહ્યું છે, આ સંમેલન ત્રણ દિવસ ચાલશે, ૧૬-૧૮ ડિસેમ્બર દરમિયાન સ્ટેચ્યૂ ઓફ યૂનિટી ખાતે આ ભવ્ય સંમેલન 'વાર્ષિક સાહસ પ્રવાસન સંમેલન ૨૦૨૩'ને મુખ્યમંત્રીની હાજરીમાં યોજાશે. આવતીકાલે ૩.૩૦ વાગે કેવડિયા હેલિપેડ પર રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું આગમન થશે. બાદમાં મુખ્યમંત્રી કાર્યક્રમમાં સંબોધન કરશે. વાર્ષિક સાહસ પ્રવાસન સંમેલન ૨૦૨૩ કાર્બન-નેગેટિવ અને સિંગલ-યુઝ-પ્લાસ્ટિક ફ્રી કાર્યક્રમ રહેશે. આનુ આયોજન ગુજરાતના પ્રવાસન નિગમના સમર્થન સાથે એડવેન્ચર ટૂર ઓપરેટર્સ એસોસિયેશન ઓફ ઈન્ડિયા (ATOAI) દ્વારા કરવામાં આવ્યુ છે.આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ઉદ્યોગોમાં ચાલતા નવીન ટ્રેન્ડ્સ પર ચર્ચા કરવાનો છે, નિયમનકારી પ્રણાલી સ્થાપિત કરવાનો અને રાજ્યમાં સાહસ પ્રવાસનના (એડવેન્ચર ટુરીઝમ) વિકાસનું આયોજન કરવાનો છે. આ કાર્યક્રમમાં ATOAI તરફથી સલામતી માર્ગદર્શિકા અપનાવવા, પ્રવાસન મંત્રાલયના ધોરણોને અનુસરવા અને 'લિવ નૉ ટ્રેસ' અભિગમને પ્રમોટ કરવા પર ભાર મૂકવામાં આવશે. વાર્ષિક એડવેન્ચર ટુરીઝમ કન્વેન્શનનો ધ્યેય ટકાઉ, જવાબદાર અને સલામત પ્રથાઓને પ્રોત્સાહન આપીને વિશ્વભરના ટોચના ૧૦ સાહસ પ્રવાસન સ્થળોમાં ભારતનું રેન્કિંગ વધારવાનો છે.

### આંગડિયા પેઢીના કર્મચારીઓના સામાનની ચોરી થઇ

# મુંબઈથી રાજકોટ જતી ટ્રેનમાં રૂપિયા ૧૪ લાખની ૨૧ કિલો ચાંદીની ચોરી

### ગઠિયાઓ આંગડિયા પેઢીના કર્મચારીની બેગ ઉઠાવી ફરાર થઇ ગયા હોવાની પ્રાથમિક માહિતી છે પોલીસે સમગ્ર મામલે તપાસ શરુ કરી છે

। વડોદરા, તા.૧૭ ।

મુંબઈથી રાજકોટ જતી સૌરાષ્ટ્ર મેલ એક્સપ્રેસ ટ્રેનમાં મુંબઇની આંગડિયા પેઢીના કર્મચારીઓ પ્રવાસ કરી રહ્યા હતા. સુર્યા અને સ્વામિનારાયણ આંગડિયા પેઢીના ત્રણ કર્મચારી રુટિન મુજબ કિંમતી ચીજવસ્તુઓ લઈને જઇ રહ્યા હતા.જો કે માર્ગમાં રૂપિયા ૧૪ લાખની એટલે કે ૨૧ કિલો ચાંદીની ચોરી થઇ હોવાની ફરિયાદ રેલવે પોલીસ મથકે નોંધાઇ છે.મુંબઈથી રાજકોટ જતી સૌરાષ્ટ્ર મેલ એક્સપ્રેસ ટ્રેનમાં આંગડિયા પેઢીના કર્મચારીઓના સામાનની ચોરી થઇ છે. આંગડિયા પેઢીના કર્મીએ સીટ નીચે મુકેલી રૂપિયા ૧૪ લાખની ૨૧ કિલો ચાંદીની ચોરી થઈ ગઈ છે. ગઠિયાઓ આંગડિયા પેઢીના કર્મચારીની બેગ ઉઠાવી ફરાર થઈ ગયા હોવાની પ્રાથમિક માહિતી છે. પોલીસે સમગ્ર મામલે તપાસ શરુ કરી છે. મુંબઈથી રાજકોટ જતી સૌરાષ્ટ્ર મેલ એક્સપ્રેસ



ટ્રેનમાં મુંબઇની આંગડિયા પેઢીના કર્મચારીઓ પ્રવાસ કરી રહ્યા હતા. સુર્યા અને સ્વામિનારાયણ આંગડિયા પેઢીના ત્રણ કર્મચારી રુટિન મુજબ કિંમતી ચીજવસ્તુઓ લઈને જઇ રહ્યા હતા.

જો કે માર્ગમાં રૂપિયા ૧૪ લાખની એટલે કે ૨૧ કિલો ચાંદીની ચોરી થઈ હોવાની ફરિયાદ રેલવે પોલીસ મથકે નોંધાઇ છે.આજે વહેલી સવારે આ ઘટના બની હોવાનું સામે આવ્યુ છે.સૂર્યા અને સ્વામિનારાયણ આંગડિયા પેઢીના ત્રણ કર્મચારીઓનું વડોદરા સ્ટેશન પર પહોંચતા તેમની ચાંદી ભરેલી બેગ ચોરી થઈ હોવાનું ધ્યાન ગયુ હતુ.

બેગ ન મળતા આ ત્રણેય આંગડિયા પેઢીના કર્મચારીઓએ આસપાસ તપાસ કરી હતી.જો કે વસ્તુ ન મળતા અંતે તેમણે પોલીસની મદદ લીધી હતી. આંગડિયા કર્મચારીઓ હંમેશા ટ્રેન મારફતે અથવા તો બસ મારફતે આ પ્રકારની જોખમી મુસાફરી કરતા હોય છે. તેમને સુરક્ષા લેવા માટે પણ કહેવામાં આવતુ હોય છે, પણ સુરક્ષા ન રાખતા આ પ્રકારે ચોર-લૂંટારુનો ભોગ બનવાની ઘટનાઓ બનતી હોય છે. આ ઘટના અંગે હાલ તપાસ શરુ કરવામાં આવી છે.રેલવે સ્ટેશનોના ઝઝૂફ સહિત ઈલેકટ્રોનિક સર્વેલન્સ સિસ્ટમના આધારે લૂંટારુઓનું પગેરુ મેળવવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

## ગુજરાતમાં નવા ફાયર રેગ્યુલેશન અમલમાં મુકાયા

। અમદાવાદ, તા.૧૭ ।

ગુજરાતમાં આજથી નવા ફાયર રેગ્યુલેશન અમલમાં મુકાઈ છે. મહત્વનું છે કે, CM ગુજરાત ફાયર સેફ્ટી કમ્પ્લાયન્સ પોર્ટલની શરૂઆત કરાવશે. આ તરફ નવા રેગ્યુલેશનનો અમલ થતા ફીનું ધોરણ એકસમાન રહેશે. નોંધનિય છે કે, પહેલા જિલ્લા, મનપામાં અલગ અલગ ફી લેવાતી હતી. જોકે હવે નવા રેગ્યુલેશનના અમલ બાદ એવું નહિ બને. CM ભૂપેન્દ્ર પટેલ આજે ગુજરાત ફાયર સેફ્ટી કમ્પ્લાયન્સ પોર્ટલ શરૂ કરાવશે. જેથી હવે આજથી નવા ફાયર રેગ્યુલેશન અમલમાં આવશે. અહી સૌથી મોટી વાત એ છે કે, નવા રેગ્યુલેશનના કારણે ફી નુ એકસમાન ધોરણ રહેશે. પહેલા જિલ્લા, મનપાઓમાં અલગ અલગ ફી લેવાતી હતી. જોકે હવે આ રેગ્યુલેશન બાદ ફાયર NOC, રિન્યૂઅલ કરાવવા વચેટિયાઓ નહી ફાવે.

## ભિલોડામાં વીજ સ્ટેશન સ્થાપવાને લઈ સ્થાનિકોનો વિરોધ

। અરવલ્લી, તા.૧૭ ।

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ખુમાપુર નજીક જેટકો વીજ સ્ટેશન સ્થાપવામાં આવી રહ્યુ છે. માટે જમીન સંપાદન સહિતની કાર્યવાહી પૂર્ણ થયા બાદ હવે નિર્માણ માટેની તજવીજ શરુ કરી છે. બીજી તરફ સ્થાનિકો દ્વારા જેટકોના વીજ સ્ટેશનને સ્થાપવાને લઈ વિરોધ નોંધાવ્યો છે. છેલ્લા કેટલાય સમયથી સ્થાનિકો દ્વારા વીજ સ્ટેશન સ્થાપવાને લઈ વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે. આ દરમિયાન હવે પોલીસ પ્રોટેકશન સાથે કાર્ય શરુ કરાયુ છે. ભિલોડા તાલુકાના ખુમાપુર નજીક 220 KV નું જેટકો વીજ સબ સ્ટેશન સ્થાપવામાં આવી રહ્યું છે. જેનો સ્થાનિકો લોકોએ વિરોધ કર્યો છે. વીજ સ્ટેશન આવવાને લઈ સ્થાનિક લોકોને વીજ સપ્લાયને લઈ રાહત ઉભી થનારી છે. પરંતુ સ્થાનિક લોકો વીજ સ્ટેશન સ્થાપવાને લઈ વિરોધ કરી રહ્યા છે.

## હાર્ટ એટેક અને ગાદી ખસી જવાના કિસ્સામાં ૩૦થી ૩૫ ટકાનો વધારો

। અમદાવાદ, તા.૧૭ ।

કોવિડ પછી આપણી જીવનશૈલીમાં ખાસું એવું પરિવર્તન આવ્યું છે. જોકે તેની સાથે બીમારીઓએ પણ ઘર કરવાનું શરૂ કર્યું છે, હાર્ટ એટેક, બ્લડ પ્રેશર, ડાયાબિટીસના કિસ્સાઓ તો બાજુમાં રહ્યા, હવે હવે કમરની ગાદી ખસી જવાના કેસ પણ ખૂબ વધી ગયા છે. છેલ્લા ૩ વર્ષમાં ગાદી ખસી જવાના કિસ્સામાં ૩૦થી ૩૫ ટકાનો વધારો થયો છે. તાજેતરમાં જ ૪૦૦ થી વધુ દર્દીઓ પર અભ્યાસ હાથ ધરાયો છે, જેમાં જાણવા મળ્યું છે કે કોવિડ પછી લોકોમાં કમરની ગાદી ખસી જવાની સમસ્યામાં ધરખમ વધારો જોવા મળ્યો છે. કોરોના પહેલાં ૪૫થી ૬૦ વયજૂથના ૩૦ ટકા દર્દીઓમાં જ જોવા મળતી હતી, પરંતુ હવે આ દર્દીઓનું પ્રમાણ ૬૫ ટકા જેટલું થઈ ગયું છે. જે ચિંતા ઉપજાવનારુ છે. એથીય વધુ ચિંતા એ વાતની છે કે હવે ૪૫થી ૬૦ વર્ષના દર્દીઓ વધુ આવી રહ્યા છે અને કેટલાક કિસ્સામાં તો ૧૮થી ૨૫ વર્ષના યુવકોને પણ સ્લીપ ડિસ્કના પ્રશ્નો સર્જાય છે અને ઘણાને તો ઓપરેટ પણ કરવા પડી રહ્યા છે. સ્લીપ ડિસ્ક કે કરોડરજ્જૂના દુખાવા અને ગાદી ખસી જવા પાછળના કારણો અંગે સ્પાઈન એન્ડોસ્કોપિસ્ટ ડોક્ટર આગમ ગાર્ગિયાએ નીચે મુજબની માહિતી આપી છે. ગાદી ખસવાના કારણોમાં વર્કફ્રોમ હોમમાં બેદરકારી, ખોટા પોશ્ચરમાં સૂતા સૂતા કામ, વિટામીનની ઉણપ, ખરાબ ઈટીંગ હેબિટ, પેકેજ્ડ ફૂડ ખાવુ, વેજીટેબલ, ફ્રૂટ્સ, પ્રોટીનની ઉણપ, હેવી વેઈટ લિફ્ટીંગ, ટ્રાવેલિંગમાં જર્ક લાગવા તેમજ ખરાબ રસ્તાઓ પણ કારણભૂત છે.

### AMCના વધુ એક અંધેર વહીવટનો પર્દાફાશ થયો

## અમદાવાદમાં વર્ષ ૨૦૨૧માં ૪.૫૬ કરોડના ખર્ચે બનાવાયેલું તળાવ પાણીમાં ગરકાવ થયું

### લાંભા વોર્ડના તળાવની દુર્દશા, વોક વે અને પ્લે એરિયા પાણીમાં ગરકાવ

। અમદાવાદ, તા.૧૭ ।

પ્રજાના પૈસાનું પાણી કરવા માટે જાણીતી AMCના વધુ એક અંધેર વહીવટનો પર્દાફાશ થયો હોય તેવુ જોવા મળી રહ્યુ છે. અમદાવાદમાં વર્ષ ૨૦૨૧માં ૪.૫૬ કરોડના ખર્ચે બનાવાયેલું તળાવ પાણીમાં ગરકાવ થઈ ગયુ છે. જે તળાવને વિકાસનો ઢોળ ચડાવવામાં આવ્યો તે તળાવ હાલ અસ્તિત્વની લડાઈ લડી રહ્યું છે.

વર્ષ ૨૦૨૧માંલાંભા તળાવનું કરોડો રૂપિયા ખર્ચે બ્યુટિફિકેશન કરવામાં આવ્યું હતું.જો કે હાલ અહીં પ્રજાના ટેક્સના કરોડો રૂપિયાનું આંધણ થયું હોય તેવુ જોવા મળી રહ્યુ છે. વર્ષ ૨૦૨૧માં તત્કાલીન મેયર બીજલ પટેલના હસ્તે જે તળાવને ખુલ્લુ મુકાયું તે તળાવની હાલ દુર્દશા થઈ છે. આ સ્થિતિ પાછળ મનપાના બેદરકાર અધિકારીઓ જવાબદાર જણાઈ રહ્યા છે. હાલ તળાવમાં સિંચાઈનું પાણી બંધ કરવામાં આવ્યું છે અને ટ્રિટમેન્ટ વોટરનો પ્રવાહ ચાલુ રખાયો છે. જેના પગલે તળાવ ગંદકીથી ઉભરાયું છે અને કરોડોના ખર્ચે તૈયાર કરાયેલા વોક વે સહિત પ્લે એરિયા પાણીમાં ગરકાવ થયો છે. એટલે કે બેદરકારીના પાણી તળાવ પર ફરી વળ્યા છે.પ્રજાના પૈસા પાણીમાં ગયા છે. સ્થાનિકો આરોપ લગાવી રહ્યા છે કે તંત્રના વાંકે આ સ્થિતિ સર્જાઇ છે.

### દારુની કોથળીઓને મહિલાઓએ જાહેરમાં સળગાવી દઈને વિરોધ કર્યો

## બ્રાહ્મણવાડામાં મહિલાઓ દ્વારા દેશી દારૂના અડ્ડા પર જનતા રેડ કરવામાં આવી

। મહેસાણા, તા.૧૭ ।

મહેસાણા જિલ્લાના ઊંઝા તાલુકાના બ્રાહ્મણવાડા ગામે દારુની બદી વધતાં મહિલાઓ વીફરી હતી. મહિલાઓએ ઘરમાં કંકાસ સહિતની સમસ્યાઓ પાછળ દારુની વધતી બદી જવાબદાર હોવાને લઈ આખરે હલ્લાબોલ કર્યો હતો. મહિલાઓએ દારુના અડ્ડાઓ પર જઈને જનતા રેડ કરી હતી. દારુની કોથળીઓને મહિલાઓએ જાહેરમાં સળગાવી દઈને વિરોધ કર્યો હતો.

દારુની બદીએ લોકોને પરેશાન કરી મુક્યા છે. દેશી દારુ ગ્રામ્ય વિસ્તારોમાં જ્યાં બેફામ વેચાણ થવા લાગ્યો એ વિસ્તારમાં અનેક ઘર પરિવારોને માથે મુશ્કેલીઓ ઉતરી આવી છે. આવી જ રીતે મહેસાણાના ઊંઝા તાલુકાના બ્રાહ્મણવાડા ગામે એક લગ્ન પ્રસંગમાં દારુએ પરેશાની વધારતા મહિલાઓ રોષે ભરાઈ હતી.



રોજ રોજ દેશી દારુને લઈ ઘર કંકાસ હોવા ઉપરાંત હવે પ્રસંગ પણ શાંતિથી નહીં થઈ શકતા મહિલાઓએ એકઠી થઈને જનતા રેડ કરી હતી. મહિલાઓએ ગામની સીમમાં ચાલતા દેશી દારુનાલ અડ્ડાઓ પર જઈને દારુનો નાશ કરવા કાર્યવાહી કરી હતી.

## સુરત રૂરલ પોલીસે ગેસ રિફિલિંગનું કૌભાંડ ઝડપી પાડ્યું

। સુરત, તા.૧૭ ।

સુરતમાં ફરી એક વખત ગેસ રીફિલિંગનું નેટવર્ક ઝડપાયું છે. કામરેજ તાલુકાના ઉંભેળ ગામમાં જીંથ્એ ગેરકાયદે રીતે ધમધમતા ગેસ રીફિલિંગના કાળા બજારીયાઓ પર તવાઈ બોલાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે મોટી માત્રામાં ગેસના સિલિન્ડર પણ કબ્જે કરી તપાસ હાથ ધરી છે. સુરત રૂરલ પોલીસે ઉંભેળના સારથી કોમ્પ્લેક્સમાં દોરડા પાડતા અહીંથી ઘરેલુ વપરાશના ૪૦ જેટલા ગેસના બાટલા મળી આવ્યા હતા. પોલીસને ગેસના સિલિન્ડર ઉપરાંત ગેસ રીફિલિંગ કરવાના સાધનો સહિત કુલ ૫.૩૦ લાખના મુદ્દામાલ સાથે ૩ શખ્સોની ધરપકડ કરી છે.

**વિશેષ** અમદાવાદ યુરોલોજી એસોસિએશન દ્વારા આયોજિત ત્રિ-દિવસીય કોન્ફરન્સમાં દેશ-વિદેશના નિષ્ણાત યુરોલોજીસ્ટ્સ ભાગ લેશે

# કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં ૬ઠ્ઠી એડવાન્સમેન્ટ ઈન એન્ડરોલોજી કોન્ફરન્સનો પ્રારંભ

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહની ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતે ૬ઠ્ઠી એડવાન્સમેન્ટ ઈન એન્ડરોલોજી કોન્ફરન્સનો પ્રારંભ થયો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન અમદાવાદ યુરોલોજી એસોસિએશન દ્વારા કરાયું હતું. આ ત્રિ-દિવસીય કોન્ફરન્સના પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે, એન્ડોયુરોલોજીનું આ છઠ્ઠું સંમેલન આરોગ્ય ક્ષેત્રને લઈને આવનારા સમયમાં ખૂબ ઉપયોગી સાબિત થશે. આ સંમેલન એક પ્રકારનું અનોખું સંમેલન છે કેમકે આ સંમેલનનું નોલેજ, એક્સપિરિયન્સ અને રિસર્ચ ભારત અને સમગ્ર વિશ્વ માટે ફળદાયી નીવડશે. અગાઉનાં સંમેલનના પણ ખૂબ સારાં પરિણામો સ્વાસ્થ્ય ક્ષેત્રમાં પ્રાપ્ત થયાં છે, જેના આપણે સૌ સાક્ષી રહ્યાં છીએ. ભારતે સમગ્ર વિશ્વમાં યુરોલોજી ક્ષેત્રમાં રિસર્ચ, સર્જરી અને ડાયકોલોજીસ્ટમાં ખૂબ મોટી સિદ્ધિ પણ હાંસલ કરી છે અને ગુજરાત યુરોલોજી ક્ષેત્રમાં સમગ્ર દેશમાં અગ્રેસર રહ્યું છે.

શ્રી અમિત શાહે વધુમાં જણાવ્યું કે, આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર દેશના સ્વાસ્થ્ય ક્ષેત્રે હોલિસ્ટિક અપ્રોચ સાથે આગળ વધી રહી છે. સમગ્ર દેશમાં કોરોનાની લહેર હતી ત્યારે તમામ વ્યક્તિને બચાવવા આ સરકારે તમામ પ્રકારના પ્રયાસો કર્યા છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોવિડને જ્યારે ડિઝાસ્ટર ઘોષિત કર્યો ત્યારે આપણી પાસે ન તો કોઈ વેક્સિન હતી, ન તો કોઈ રિસર્ચ હતું. લાલ



બહાદુર શાસ્ત્રી બાદ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી એક એવા નેતા તરીકે સામે આવ્યા જેઓએ ૧૪૦ કરોડ જનતાને સાથે રાખીને કોવિડ સામે લડાઈ લડી અને આખરે સફળતા મેળવી. આ કોવિડની લડાઈમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, ડોક્ટર, નર્સ અને ટેકનોલોજીનો ખૂબ સહયોગ મળ્યો હતો.

આ સંદર્ભમાં તેમણે વધુમાં કહ્યું કે, કોરોનાની સેકન્ડ વેવ દરમિયાન માત્ર ૧૨૧ દિવસમાં ૧૫૦૦ થી વધુ ઓક્સિજન ટેંક ઊભી કરી દેવામાં આવી હતી. ૯૦૦ એક્સપ્રેસ ટ્રેન ચલાવીને ઓક્સિજન સમગ્ર દેશમાં પૂરો પાડવામાં આવ્યો હતો. આમ, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સૌએ સાથે મળીને કોવિડની લડાઈને સફળતાપૂર્વક પાર પાડી હતી, એવું તેમણે ઉમેર્યું હતું. મોર્ડન મેડિકલ સાયન્સની ટેકનોલોજીએ આરોગ્યની સુવિધામાં ખૂબ વધારો કર્યો છે, એમ જણાવી શ્રી અમિતભાઈએ કેન્દ્ર સરકારના વિવિધ અભિયાનો અંગે વાત કરતા ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમગ્ર દેશમાં ચાલનાર સ્વચ્છતા અભિયાનને લીધે દેશના નાગરિકોના આરોગ્યમાં સૌથી મોટો સુધારો આવ્યો છે. અત્યાર સુધીમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત સમગ્ર દેશમાં ૧૦ કરોડથી વધારે શૌચાલયો તૈયાર થયા છે. આ સાથે ખેલો ઈન્ડિયા, ફિટ ઈન્ડિયા જેવા અભિયાન અને યોગ જેવા કાર્યક્રમો લોકોના સ્વાસ્થ્યમાં મોટો સુધારો લાવી રહ્યા છે, એમ તેમણે ઉમેર્યું હતું.

આયુષ્માન ભારત યોજના અંગે વાત કરતા કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે, દેશના ૬૦ કરોડ લોકોને પાંચ લાખ સુધીની નિશુલ્ક સ્વાસ્થ્યની સેવાઓ આયુષ્માન ભારત યોજના અંતર્ગત આપવામાં આવી રહી છે. એટલું જ જન ઔષધિ કેન્દ્રના માધ્યમથી જેનેરીક દવાઓ લોકો સુધી પહોંચાડવામાં આવી રહી છે.

પ્રધાનમંત્રી ડાયાલિસિસ કાર્યક્રમ દેશના નાગરિકો માટે એક આશીર્વાદરૂપ બન્યો છે. આયુષ્માન ભારત ડિજિટલ મિશન અંતર્ગત અત્યાર સુધીમાં દેશના ૩૭ કરોડથી વધુ લોકોના હેલ્થ આઈડી તૈયાર કરી લેવામાં આવ્યાં છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ હોલિસ્ટિક અપ્રોચ સાથે દેશભરના નાગરિકોની ચિંતા કરી છે અને આવનારા દિવસોમાં આરોગ્ય સુવિધા વધુમાં વધુ લોકો સુધી પહોંચે તેવા પ્રયાસો કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે, એમ કેન્દ્રીય ગૃહ મંત્રીએ ઉમેર્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના સર્વાંગી વિકાસ માટે દર ૨ વર્ષે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની શરૂઆત કરાવી હતી, તે જ રીતે વિશ્વભરના યુરોલોજીસ્ટ્સ પ્રશિક્ષિત કરવા માટે અને પ્રતિષ્ઠિત ફેકલ્ટીને એક મંચ પર લાવવાના હેતુથી યોજાતી આ કોન્ફરન્સ પણ દર ૨ વર્ષે યોજાય છે. લાઈવ ઓપરેશન, વર્કશોપ અને યુરોટેકનોલોજીમાં જાણકારીમાં વધારો કરવા અંગે આજે ૬ઠ્ઠી એડવાન્સમેન્ટ ઈન એન્ડરોલોજી કોન્ફરન્સ ગુજરાતમાં યોજાઈ રહી છે, તે ગૌરવની વાત છે, એમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હોલિસ્ટિક હેલ્થ કેરની નવી પ્રણાલિ વિકસાવી છે. કિડની, મૂત્રપિંડ જેવા ગંભીર રોગોની સમસ્યા માટે યુરોલોજીસ્ટ અને યુરોલોજી સેક્ટરની ભૂમિકા દેવદૂત સમાન છે. આજે ભારતીય યુરોલોજી આંતરરાષ્ટ્રીય સ્તરે સર્જરી, ક્લિનિકલ અને રિસર્ચના યુરોલોજી ક્ષેત્રમાં અદભુત યોગદાન આપી રહી છે તથા ભારતીય યુરોલોજીસ્ટ્સ અમેરિકા તથા યુરોપ જેવા દેશોમાં કરવામાં આવતી સારવાર જેવી જ સારવાર આપણા દેશમાં ઓછા ખર્ચે આપી રહ્યા છે તેનું ગૌરવ છે, એવું તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશભરમાં યુરોલોજીના ક્ષેત્રમાં આવેલા એડવાન્સમેન્ટની સમગ્ર વિશ્વએ પ્રશંસા કરી છે. સમગ્ર ભારતભરના દર્દીઓની ખૂબ જ ઝીણવટભરી અને આંતરરાષ્ટ્રીય ધારાધોરણ મુજબની ડાયાલિસિસ સારવાર દરેક દર્દીઓને મળી રહે તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની નેમ છે, તેવું મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું ગુજરાત સરકારે ડોકટરોની કામગીરી માટે આરોગ્ય ક્ષેત્રે સકારાત્મક વાતાવરણ પૂરું પાડ્યું છે, એમ જણાવી મુખ્યમંત્રીએ વધુમાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં દરેક જિલ્લામાં કેન્સરના દર્દીઓની કીમોથેરાપી કેન્દ્રો અને કિડની ડાયાલિસિસ માટે 'વન નેશન વન ડાયાલિસિસ' અંતર્ગત દરેક તાલુકામાં ડાયાલિસિસ સેન્ટર શરૂ કરનારું એક માત્ર રાજ્ય ગુજરાત છે. આ ઉપરાંત રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓ અને ૨૫૨ તાલુકાઓ મળીને ૨૭૨ ઈનહાઉસ ડાયાલિસિસ સેન્ટર કાર્યરત છે, એમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે શરૂ કરેલી ટેલીમેડીસિન અને ટેલિમોનીટરીંગ દ્વારા સારવાર આપવામાં આવી રહી છે. આ પ્રક્રિયાથી દરેક દર્દી પોતાના જિલ્લામાં ડાયાલિસિસ અને કિડની રોગ અંગે કન્સલ્ટિંગ મેળવી શકે છે.

ન્યૂઝ બ્રિફ

## રિંકુને પછાડીને વન ડેમાં સાઈ સુદર્શને કર્યુ ડેબ્યૂ



। જોહાનિસબર્ગ, તા.૧૭ ।

ટીમ ઈન્ડિયા જોહાનિસબર્ગના ન્યૂ વાન્ડરર્સ સ્ટેડિયમમાં દક્ષિણ આફ્રિકા સામે ત્રણ મેચની શ્રેણીની પ્રથમ વનડે રમી રહી છે. આ શ્રેણી માટે કેએલ રાહુલને ટીમની કમાન સોંપવામાં આવી છે. દક્ષિણ આફ્રિકાના સુકાની એડન માર્કરામે ટોસ જીતીને બેટિંગ કરવાનું પસંદ કર્યું હતું. ૨૨ વર્ષના બેટ્સમેને ટીમ ઈન્ડિયા માટે વનડેમાં ડેબ્યૂ કર્યું છે. પ્રશંસકો માટે આશ્ચર્યની વાત એ હતી કે આ મેચમાં રિંકુ સિંહને ડેબ્યૂ કરવાની તક મળી ન હતી. IPL ૨૦૨૩માં ગુજરાત ટાઈટન્સ તરફથી રમતા ૨૨ વર્ષના યુવા બેટ્સમેન સાઈ સુદર્શનને ટીમ ઈન્ડિયાની ODI કેપ મળી છે. આ મેચથી તે ભારત માટે વનડેમાં ડેબ્યૂ કરી રહ્યો છે. ફેન્સ માટે આ ચોક્કસપણે આશ્ચર્યજનક છે, કારણ કે દરેકને આશા હતી કે રિંકુ સિંહને ડેબ્યૂ કરવાની તક મળશે, પરંતુ એવું થયું નહીં. તમને જણાવી દઈએ કે ૨૦૨૨માં IPLમાં ડેબ્યૂ કરનાર સાઈ સુદર્શન ૨૦૨૩માં ગુજરાત ટાઈટન્સ તરફથી રમતા ૮ મેચમાં ૩૬૨ રન બનાવીને ચર્ચામાં આવ્યા હતા. તેણે ચેન્નાઈ સુપર કિંગ્સ સામેની ફાઈનલ મેચમાં ૯૬ રનની મેચ ઈનિંગ રમીને બધાના દિલ જીતી લીધા હતા.

## કેપ્ટન બનાવવાની શરતે જ હાર્દિક મુંબઈની ટીમમાં જોડાયો હતો



। મુંબઈ, તા.૧૭ ।

આઈપીએલ ૨૦૨૪ પહેલા જ મુંબઈ ઈન્ડિયન્સે પોતાની ટીમમાં મોટો ફેરફાર કરતા રોહિત શર્માને હટાવીને હાર્દિક પંડ્યાને કેપ્ટન બનાવી દીધો છે. લોકોની નજરમાં ભલે આ નિર્ણય રાતોરાત લેવાયો હતો પરંતુ સત્ય કંઈક બીજું છે. હાર્દિકને મુંબઈ ઈન્ડિયન્સનો કેપ્ટન બબવવાનો પ્લાન પહેલાથી જ બનાવવામાં આવ્યો હતો. એક રિપોર્ટમાં ખુલાસો થયો છે કે હાર્દિક પંડ્યા મુંબઈ ઈન્ડિયન્સની ટીમમાં પરત એક જ શરત પર આયો હતો કે તેને કેપ્ટન બનાવવામાં આવશે. રિપોર્ટમાં જણાવ્યા મુજબ હાર્દિક પંડ્યાએ મુંબઈ ઈન્ડિયન્સમાં વાપસીને લઈને કે શરત રાખી હતી. હાર્દિકએ શરત રાખી હતી કે તે ત્યારે જ મુંબઈની ટીમમાં પાછો ફરશે જયારે તેણે મુંબઈ ઈન્ડિયન્સ ટીમ નો કેપ્ટન બનાવવામાં આવશે અને થયું પણ કંઈક આવું જ.

## સસ્પેક્ટ બોલિંગ એક્શનમાં ચેતન સાકરિયાનું નામ ન હોવાની સ્પષ્ટતા

। મુંબઈ, તા.૧૭ ।

આઈપીએલ ૨૦૨૩ના ઓક્શનનું આયોજન ૧૯ ડિસેમ્બરના રોજ દુબઈમાં થશે. આ વખતે ઓક્શનમાં કુલ ૩૩૩ ખેલાડીઓ ભાગ લેવાના છે જેમાંથી એક નામ ચેતન સાકરિયાનું પણ છે. ચેતનને આ વર્ષે દિલ્હી કેપિટલ્સની ટીમે રિલીઝ કરી દીધો છે. ચેતને પણ પોતાનું નામ આઈપીએલઓક્શન ૨૦૨૪ માટે રજિસ્ટર કરાવ્યું છે. પરંતુ ઓક્શન પહેલા ચેતનને બીસીસીઆઈદ્વારા એક મોટો ઝટકો આપવામાં આવ્યો હતો. બીસીસીઆઈએ ચેતનના બોલિંગ એક્શનને સસ્પેક્ટ બોલિંગ એક્શનની લીસ્ટમાં સામેલ કર્યો હતો. આવી સ્થિતિમાં જયારે આ લીસ્ટ પર સવાલો ઉઠાવવામાં આવ્યા અને બીસીસીઆઈદ્વારા આ લીસ્ટને ક્રોસચેક કરવામાં આવી તો સ્થિતિ બદલાઈ હતી. બીસીસીઆઈએ એક જેવા નામના કારણે ભ્રમ થયો હતો. કર્ણાટકના ચેતનના એક બોલરની જગ્યાએ સૌરાષ્ટ્રના ચેતન સાકરિયાનું નામ લીસ્ટમાં ભૂલથી સામેલ કરવામ આવ્યું હતું.

### પીએમ મોદીની ઝલક મેળવવા લોકો ઉમટી પડ્યા । એરપોર્ટ પર ઉતર્યા બાદ ડાયમંડ બુર્સ સુધી રોડ શો કર્યો

# પીએમ મોદીનો સુરતમાં રોડ શો, ૪ કિમી સુધી ચાલીને આવ્યા લોકો











। સુરત, તા.૧૭ ।

પ્રધાનમંત્રી મોદી રવિવારે ગુજરાતના પ્રવાસે હતા ત્યારે સુરત એરપોર્ટ પર તેમનું શાનદાર સ્વાગત કરવામાં આવ્યું. જ્યાં ભવ્ય રોડ શો યોજવામાં આવ્યો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું. એરપોર્ટ પર ઉતર્યા બાદ ડાયમંડ બુર્સ સુધી જતી વખતે તેમણે રોડ શો કર્યો હતો. પીએમ મોદીની ઝલક મેળવવા સવારથી જ લોકો ઉમટી પડ્યા હતા. લોકો ૪ કિલોમીટર સુધી ચાલીને આવ્યા હતા. ડાયમંડ બુર્સ વિશ્વની સૌથી મોટી ઈન્ટરકનેક્ટેડ બિલ્ડીંગ છે. રૂ.૩૪૦૦ કરોડના ખર્ચે ૩૫.૫૪ એકર વિશાળ જગ્યામાં નવનિર્મિત ડાયમંડ બુર્સ સુરત રફ અને પોલિશ્ડ ડાયમંડ ટ્રેડિંગનું ગ્લોબલ સેન્ટર બનશે સાથે જ ૧.૫ લાખ લોકોને રોજગારી મળશે. જેની વિશેષતાઓની વાત કરીએ તો બુર્સની ૪૫૦૦થી વધુ ઓફિસો એકબીજા સાથે જોડાયેલી છે. જ્યાં ૬૭,૦૦૦ લોકો, વ્યાપારીઓ, મુલાકાતીઓ કામ કરી શકે તેવી ક્ષમતા છે. સાથે જ બિલ્ડિંગમાં પ્રવેશ પહેલા હાઈ સિક્યોરિટી ચેકપોઈન્ટ્સ, પબ્લિક અનાઉન્સમેન્ટ સિસ્ટમ આવેલ છે. આ બિલ્ડિંગમાં ગ્રાઉન્ડ ફલોર પર મેમ્બરો માટે બેંક, રેસ્ટોરન્ટ, ડાયમંડ લેબ વગેરેની સુવિધાઓ પણ છે.

અહી દુનિયાભરના ડાયમંડ રો-મટિરિયલની હરાજી, રફ, કટ એન્ડ પોલિશ્ડ ડાયમંડ, સ્ટડેડ જ્વેલરી, ડાયમંડ-ગોલ્ડ-સિલ્વર-પ્લેટિનમ જ્વેલરી સહિતની હાઈ વેલ્યુ ગુડ્ઝ મોટી માત્રામાં અહીં ખરીદ-વેચાણ માટે ઉપલબ્ધ બનશે.

### ત્રાસવાદીઓને આશ્રય આપનાર પર થવી જોઈએ કાર્યવાહી

## ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં ફરી પાકિસ્તાનને લગાવી ફટકાર

### સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રુચિરા કંબોજે પાકિસ્તાનનું નામ લીધા વિના તેના પર મોટો હુમલો કર્યો

। નવી દિલ્હી, તા.૧૭ ।

ભારતે ફરી એકવાર સંયુક્ત રાષ્ટ્ર (દ્ગ)માં પાકિસ્તાન પર આકરા પ્રહારો કર્યા છે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રુચિરા કંબોજે પાકિસ્તાનનું નામ લીધા વિના તેના પર મોટો હુમલો કર્યો હતો. તેમણે કહ્યું કે સીમા પારના આતંકવાદને કારણે ભારતને મોટું નુકસાન થયું છે. આતંકવાદીઓને આશ્રય આપનાર દેશો સામે કડક કાર્યવાહી થવી જોઈએ. રૂચિરા કંબોજે કહ્યું કે ભારત દાયકાઓથી સરહદ પારના આતંકવાદનો શિકાર છે. આ આતંકવાદી જૂથો ગેરકાયદેસર હથિયારોની દાણચોરી કરવા અને હિંસા કરવા માટે સરહદ પારથી ડ્રોનનો ઉપયોગ કરે છે. આના કારણે અમને ઘણું નુકસાન થયું છે અને હવે આમાં ડ્રોનનો પણ ઉપયોગ થવા લાગ્યો છે. કંબોજે શુક્રવારે સુરક્ષા પરિષદમાં 'સ્મોલ આર્મ્સ' પર ખુલ્લી ચર્ચા દરમિયાન આ વાત કહી હતી. રુચિરા કંબોજે કહ્યું કે આતંકવાદી સંગઠનો પાસેથી મળી આવેલા હથિયારો સ્પષ્ટપણે દર્શાવે છે કે કોઈ તેમની મદદ કરી રહ્યું છે. તેઓ કોઈપણ દેશની મદદ વગર આટલા મોટા પાયા પર હથિયારો એકઠા કરી શકતા નથી. તેમણે કહ્યું કે તેઓ અન્ય દેશોના સમર્થન વિના અસ્તિત્વમાં નથી. કંબોજે આંતરરાષ્ટ્રીય સહયોગની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આ પહેલીવાર નથી જ્યારે ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાનને અરીસો બતાવ્યો હોય. આ પહેલા પણ ભારત ઘણી વખત આવું કરી ચુક્યું છે.

### હિન્દુ અમેરિકન સમુદાયના લોકોએ કાર રેલી કાઢી

## અયોધ્યામાં રામલલ્લાના આગમન પર અમેરિકામાં ભવ્ય ઉજવણી

### બીજી તરફ અમેરિકાના વોશિંગ્ટનમાં પણ રામલલ્લાની અયોધ્યા પરત ફરવાની ઉજવણી કરવામાં આવી રહી છે

। વોશિંગ્ટન, તા.૧૭ ।

જાન્યુઆરી મહિનો અયોધ્યા અને દેશ માટે ખૂબ જ ખાસ રહેવાનો છે. રામલલ્લાની મૂર્તિને અહીં જલદી જ ધામધૂમથી પ્રતિષ્ઠિત કરવામાં આવનાર છે. રામ નગરીમાં બની રહેલા ભવ્ય રામ મંદિરની વિશ્વભરમાં ચર્ચા થઈ રહી છે, આ દરમિયાન અયોધ્યામાં રામ મંદિરમાં આવતા વર્ષે યોજાનાર પ્રાણ પ્રતિષ્ઠા સમારોહની ઉજવણી માટે શનિવારે વોશિંગ્ટનમાં હિન્દુ અમેરિકન સમુદાયના લોકોએ કાર રેલી કાઢી હતી. આયોજકોએ જણાવ્યું હતું કે શનિવારે બપોરે, સમુદાયના લોકો 'ફ્રેડરિક સિટી મેરીલેન્ડ' નજીક 'અયોધ્યા વે' પર આવેલા શ્રી ભક્ત અંજનેય મંદિરમાં એકઠા થયા હતા અને આ રેલી ભારતમાં રામ મંદિરના નિર્માણની ઉજવણી માટે એક મહિના સુધી ચાલનારા કાર્યક્રમની શરૂઆત કરે છે. વિશ્વ હિન્દુ પરિષદ ઓફ અમેરિકા ડીસી યુનિટના પ્રમુખ મહેન્દ્ર સાપાએ જણાવ્યું હતું કે હિન્દુઓના ૫૦૦ વર્ષના સંઘર્ષ બાદ ભગવાન શ્રી રામ મંદિરનું ઉદ્ઘાટન થઈ રહ્યું છે અને આ આનંદ સાથે અમે આવતા વર્ષે ૨૦ જાન્યુઆરીએ લગભગ ૧૦૦૦ અમેરિકન હિન્દુ પરિવારો સાથે વોશિંગ્ટન જઈ રહ્યા છીએ અને ઉત્સવનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ઉત્સવમાં રામલીલાનું આયોજન કરવામાં આવશે, ભગવાન શ્રી રામની કથાઓનું વર્ણન કરવામાં આવશે, શ્રી રામની પૂજા કરવામાં આવશે, ભગવાન શ્રી રામ અને તેમના પરિવાર માટે ભજન ગાવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ ઉત્સવમાં વિવિધ વયજૂથના લોકો ભગવાન શ્રી રામના જીવન પર આધારિત લગભગ ૪૫ મિનિટનું પ્રેઝન્ટેશન આપશે જે અમેરિકન લોકો પણ સમજી શકશે. સહ-આયોજક પ્રેમકુમાર સ્વામીનાથન, સ્થાનિક તમિલ હિંદુ નેતા, તમિલ ભાષામાં ભગવાન શ્રી રામની પ્રશંસા કરી અને યુએસમાં ૨૦ જાન્યુઆરીએ યોજાનારા ઉત્સવમાં તમામ પરિવારોને આમંત્રણ આપ્યું છે. આવતા વર્ષે ૨૨ જાન્યુઆરીએ ઉત્તર પ્રદેશના અયોધ્યામાં ભગવાન રામની મૂર્તીની સ્થાપના કરવામાં આવશે.

## SAMAR એયર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમનું સફળતાપૂર્વક પરીક્ષણ

। નવી દિલ્હી, તા.૧૭ ।

ભારતીય વાયુ સેનાએ SAMAR એયર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમનો સફળતાપૂર્વ પરીક્ષણ કર્યું હતું. દેશના ઈન હાઉસ ડિઝાઈન અને ડેવલપમેન્ટ પ્રયાસોની દિશામાં મોટી સફળતા મળી છે. IAFની દ્વારા હવાથી હવામાં મારવાની મિસાઈલનો પરીક્ષણ કર્યો છે. આઈએએફ અધિકારીએ જણાવ્યું કે, ભારતીય વાયુ સેનાએ તેમના ઈન હાઉસ ડિઝાઈન અને ડેવલપ્ડ SAMAR એયર ડિફેન્સ મિસાઈ સિસ્ટમનો સફળ ફાયરિંગ ટ્રાયલ કર્યો છે. વાયુ સેના સ્ટેશન સૂર્યલંકામાં હમણા જ આયોજિત અભ્યાસ અસ્ત્રશક્તિ ૨૦૨૩ દરમિયાન સફળતા મળી છે. આ મિસાઈલ સિસ્ટમ પહેલી વખત એક્સસરસાઈઝમાં સામિલ થઈ છે. જેનો મકસદ હવાથી હવામાં પ્રહાર કરવાનો છે, જે હથિયારી પ્રણાલીમાં ટેસ્ટ કરવા માટે તેમજ ઓપરેશન ફિલ્ડમાં ટ્રાયલ ટારગેટને સફળતા હાસંલ કરવામાં મદદરૂપ કરે છે. અધિકારીઓ જણાવ્યું કે, મિસાઈલ સિસ્ટમ વિવિધ યુદ્ધ પરિદશ્યીમાં ફાયરિંગ ટ્રાયલને અંજામ આપશે.

## લિબિયામાં જહાજ ડૂબી જવાથી ૬૧ પ્રવાસીના મોત

। ત્રિપોલી, તા.૧૭ ।

લિબિયામાં એક ભયાનક અકસ્માત થયો છે. જહાજ ડૂબી જવાથી ૬૧ પ્રવાસીઓના મોત થયા છે. જેમાં અનેક બાળકો અને મહિલાઓનો સમાવેશ થાય છે. ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર માઈગ્રેશન (IOM) એ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર આ માહિતી આપી. જીવતા બચી ગયેલા લોકોને ટાંકીને IOMએ જણાવ્યું કે જહાજમાં કુલ ૮૬ લોકો સવાર હતા. આ જહાજ લિબિયાના જ્વારા શહેરથી રવાના થયું હતું. આપને જણાવી દઈએ કે જે લોકો દરિયાઈ માર્ગે યુરોપ પહોંચવા માગે છે તેમના માટે લિબિયા એક મુખ્ય લોન્ચિંગ પોઈન્ટ છે. આફ્રિકા અને મધ્ય પૂર્વમાં સ્થિત દેશોના લોકો યુદ્ધ અને અશાંતિથી બચવા લિબિયા થઈને યુરોપ જવા માગે છે. દરિયાકાંઠાના વિસ્તારોને નિયંત્રિત કરતા લશ્કરી જૂથો દ્વારા આ માર્ગો પર માનવ તસ્કરીનું નેટવર્ક ચલાવવામાં આવે છે. તેઓ સ્થળાંતર કરનારાઓને ખતરનાક ભૂમધ્ય સમુદ્ર દ્વારા જોખમી મુસાફરી પૂરી પાડે છે. પ્રવાસીઓના ડૂબી જવાની આ પહેલી ઘટના નથી. આ પહેલા પણ આવા અનેક કિસ્સા સામે આવ્યા છે. આવી જ એક ઘટના જૂનમાં બની હતી.







## તંત્રી લેખ...

# તૃણમૂલ કોંગ્રેસે પણ આ ઘટનાક્રમને લઈને પોતાની ચિંતા વ્યક્ત કરી


વડાપ્રધાન મોદીને કોઈપણ ભોગે કેન્દ્રની સત્તામાંથી હટાવવા માટે એકજુટ થયેલ વિપક્ષી દળોના મોરચાની સંભાવનાઓ હિંદી બેલ્ટનાં ત્રણ રાજ્યોમાં ભાજપની ધૂંઆધાર જીત બાદ વધુ ધૂંધળી બની ગઈ છે. આ પક્ષો વચ્ચે ખટપટના સંકેત તો વિધાનસભા ચૂંટણીઓ પહેલાં જ મળી ગયા હતા. મધ્ય પ્રદેશમાં કોંગ્રેસ અને સપા વચ્ચે તીખી તકરાર જોવા મળી. સપાના એક પ્રવક્તાએ તો કોંગ્રેસને ખોટા અને ધોખેબાજોની પાર્ટી ગણાવી દીધી હતી. સપા મધ્ય પ્રદેશમાં કોંગ્રેસ પાસે ચાર સીટો માંગી રહી હતી. તેના માટે કેટલાય દોરની મંત્રણાઓ પણ થઈ, પરંતુ અંતમાં કોંગ્રેસે સપાને ડિંગો દેખાડ્યો! એના પર કોંગ્રેસના એક વરિષ્ઠ નેતાએ અખિલેશ યાદવ માટે અપમાનજનક વાતો કહી. કોંગ્રેસને લઈને જેડીયુના તેવર પણ નરમ ન હતા. તેના પ્રવક્તાએ અન્ય પક્ષોના નેતાઓ પ્રત્યે કોંગ્રેસીઓની અપમાનજનક ટિપ્પણીઓ પર આક્રોશ વ્યક્ત કર્યો. એવામાં આશ્ચર્ય નહીં કે સપા અને વિપક્ષી ગઠબંધનના અન્ય ઘટક પક્ષોએ પરિણામ આવ્યા બાદ કોંગ્રેસ પર નિશાન સાધવામાં વાર ન લગાડી. કેટલાક નેતાઓએ કહ્યું કે કર્ણાટકમાં જીત બાદ કોંગ્રેસમાં અહંકાર વ્યાપી ગયો. શિવસેના-ઉદ્ધવ જૂથે કહ્યું કે કોંગ્રેસે ઉદારતાં દેખાડીને બધાને સાથે લઈને ચાલી શકતી હતી. તૃણમૂલ કોંગ્રેસે પણ આ ઘટનાક્રમને લઈને પોતાની ચિંતા વ્યક્ત કરી. નેશનલ કોન્ફરન્સના ઉમર અબ્દુલ્લાએ કહ્યું કે જો કોંગ્રેસ મધ્ય પ્રદેશમાં સપાને ચાર-પાંચ સીટો આપી દેતી તો તેનું શું લૂંટાઈ જતું? ૩ ડિસેમ્બરે આવેલ ચૂંટણી પરિણામો બાદ વિપક્ષી ગઠબંધનનો કિલ્લો મજબૂત કરવા માટે કોંગ્રેસે ૬ ડિસેમ્બરે મોરચાની બેઠક બોલાવી, પરંતુ સહયોગી પક્ષોના નેતાઓએ તેનાથી દૂર રહેવું જ મુનાસિબ માન્યું. તેની પાછળ એક કારણ ચૂંટણીઓ દરમ્યાન કોંગ્રેસનું આક્રમક વલણ માનવામાં આવે છે. બેઠકથી દૂર રહેનારા અખિલેશ યાદવ, મમતા બેનર્જી અને એમકે સ્ટાલિન એ રાજ્યોના તાકાતવર નેતા છે, જ્યાં લોકસભાની ૧૬૧ સીટો છે. ઉપરોક્ત બેઠક સ્થગિત થયા બાદ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના આવાસ પર રાત્રિભોજનનું આયોજન થયું, જેમાં ગઠબંધનના ૨૬ પક્ષોમાંથી ૧૭ના પ્રતિનિધિ સામેલ થયા. જુલાઈમાં અસ્તિત્વમાં આવ્યા બાદથી જ ગઠબંધનનો રસ્તો ઉબડખાબડ રહ્યો છે. તેણે ખુદને કોઈ વિચારધારા સાથે ન જોડ્યું. તેની એકમાત્ર વિચારધારા દેખાય છે અને તે છે વડાપ્રધાન મોદી પ્રત્યે નફરત. ગઠબંધનના ઘટક કોઈપણ કિંમતે વડાપ્રધાનને સત્તામાંથી હટાવવા માગે છે, પરંતુ માત્ર આ જ પાસું જનતાને લોભાવવા માટે પર્યાપ્ત નથી. ગઠબંધનની શરૂઆતી ત્રણ બેઠકો બાદ આ ગઠબંધન કોઈ સાર્થક દિશામાં આગળ ન વધી શક્યું, કારણ કે કોંગ્રેસનું બધું જોર વિધાનસભા ચૂંટણીઓ પર હતું. તેને આશા હતી કે છત્તીસગઢમાં તેની વાપસી નક્કી છે અને મધ્ય પ્રદેશને તે ભાજપ પાસેથી આંચકી લેવાની સાથે સહયોગી પક્ષો સાથે બહેતર સોદાબાજી કરી શકશે. કોંગ્રેસની આ યોજના તો ધરાશાયી થઈ જ ગઈ, બલ્કે તેના સહયોગી પક્ષો પણ તેનું આ તિકડમ સારી રીતે સમજી ગયા. ગઠબંધનને આકાર આપવા માટે જ્યારે ૨૬ પક્ષો એક મંચ પર આવ્યા તો તેમણે કહ્યું કે તેની પાછળ તેમનો હેતુ 'બંધારણમાં ઉલ્લેખિત ભારતના વિચારની રક્ષા' કરવાનો છે. તેમના તરફથી એમ પણ કહેવામાં આવ્યું કે લોકતંત્ર અને બંધારણની રક્ષા માટે તેઓ સામાન્ય ચૂંટણી પહેલાં એક સંયુક્ત મંચ પર સાથે આવ્યા છે. ભાજપના રાષ્ટ્રવાદના તોડ માટે ગઠબંધનના કર્તાહર્તાઓએ એવું નામ રાખ્યું જે એક જુમલાથી વધારે કશું જ નથી. જો આ ગઠબંધનમાં કોંગ્રેસના વલણ અને તેનાથી વિપરીત ભાજપના વલણની તુલના કરો તો ભારે અંતર જોવા મળશે. દાખલા તરીકે ભાજપ ઉત્તર પ્રદેશ જેવા મોટા રાજ્યમાં પોતાના નાના-નાના સહયોગીઓને પણ પર્યાપ્ત સન્માન આપે છે, જ્યારે કેન્દ્ર અને રાજ્યમાં પોતાની સરકાર માટે પાર્ટી તેમના સમર્થન પર આશ્રિત પણ નથી.

# વાલિયા લૂંટારાની માનસિકતા બદલાઈ અને હિન્દુ સંસ્કૃતિને વાલ્મિકી જેવા ઉત્તમ ઋષિ મળ્યાં



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)





હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હિન્દુસ્તાનની સૌથી મોટી કમજોરી રહી હોય તો એ છે કે, દરેક રાજ્યના લોકો પોતાને ત્યાંનાં કહેવડાવવાનું વધુ પસંદ કરે છે. જેમ કે દરેક ગુજરાતીને પોતાનું ગુજરાતી હોવાનું જેટલું ગૌરવ છે, એટલું ભારતીય હોવાનું હોતું નથી, અને એને કારણે ક્યાંક ક્યાંક ભારત દેશ દરેક તબક્કે એકતા સાધી શકતો નથી. હિંદુ સનાતન સંસ્કૃતિ એ વસુધૈવ કુટુંબનાં પાયા પર ઊભી છે, એટલે જ્યારે આ અંદરોઅંદરના પ્રાંત વાસીઓનો વિરોધાભાસ મટી જશે, ત્યારે ભારતના વિકાસ ને કોઈ પહોંચી નહીં શકે. ખેર છોડો આપણે ચિંતન તરફ આગળ વધીએ. વીતેલા સમયની અમુક વાતો બહુ ફની લાગે, એટલે કે સતયુગ ત્રેતા કે દ્વાપરની વાત કરીએ તો, ૧૦૦૦ વર્ષ તપ કર્યું કે પછી ફલાણાને ૧૦૦ કે ૧૦૪ પુત્રો હતા, કે તેથી વધુ. તો આપણને વિચાર આવે કે શું ત્યારે પણ દિવસ ૨૪ કલાકનો, મહીનો ત્રીસ દિવસનો, અને વર્ષ ત્રણસો પાંસઠ દિવસનું હશે? અને આશ્ચર્યની વાત તો ત્યાં કે ૧૦૦૦ વર્ષ પછી જ્યારે સમાધિ છૂટી જાય, તો વળી એવડાં ને એવડા જ હોય, તેમ પાછું પરાક્રમ પણ દેખાડી શકે! આવી વાત તો વિતેલા સમયમાં પાછાં ફરી ખુદ અનુભવ કરીએ તો જ સમજાય! વિતેલા સમયમાં પાછાં ફરવું એટલે કે ટાઈમ ટ્રાવેલ કરવી, અને આ વિષય કે આ થીમ પર અંગ્રેજીમાં ઘણી ફિલ્મ પણ બની છે. પરંતુ અંતે તો માનવી સત્વ રજસ અને તમોગુણને કારણે કોઈને કોઈ કર્મ કરતો રહે છે, અને એ સાથે કર્મબંધન બાંધતો રહે છે, અને એ રીતે જન્મ મૃત્યુ નાં ફેરા ચાલતા રહે છે. બ્રાહ્મણને ઘેર જન્મેલું બાળક જ્ઞાતિએ તો બ્રાહ્મણ કહેવાય, પરંતુ મોટું થતાં તે કર્મ બ્રાહ્મણના કરે છે કે નહીં તે નિશ્ચિત હોતું નથી. પહેલાનાં કાળમાં પણ આવુ જ બનતું હતું,અને આપણી સંસ્કૃતિના સુપ્રસિદ્ધ ઋષિનો ઈતિહાસ પણ આ વાતની સાક્ષી પૂરે છે, તો આજે આપણે વાલ્મીકિ ઋષિ વિશે ચિંતનમાં વાત કરીશું.

મહાન ભારતીય મહાકાવ્ય રામાયણના લેખક, વાલ્મિકી ઋષિ, એક હિંદુ ઋષિ હતા, જે પ્રથમ સહસ્રાબ્દીની શરૂઆતની આસપાસ જીવતા હતા. તેમને 'હિંદુ' શ્લોકના મૂળ નિર્માતા 'આદિકવિ' તરીકે પણ ઓળખવામાં આવે છે. એમણે જ અનુષ્ટુપ છંદની રચના કરી હતી, અને એમને કારણે જ શ્લોક સ્વરૂપ રામાયણ, મહાભારત, પુરાણો અને અન્ય કૃતિઓ જેવા મહાન મહાકાવ્યો બનેલા છે.

મૂળમાં પ્રચેતા નામના બ્રાહ્મણને ત્યાં આસો સુદ પૂનમના દિવસે તેમનો જન્મ થયો હતો, અને તેનું નામ રતનાકર રાખવામાં આવે છે, આ ઉપરાંત તે પોતાના પિતાનાં નામ પ્રમાણે પ્રાચેતસ નામથી પણ ઓળખાય છે.તેના માતા-પિતા તપ કરવા જંગલમાં જાય છે, અને પોતાના બાળકને જંગલમાં જ છોડી દે છે, અથવા એક ભીલ દંપતી તેને ચોરી જઈ, તેનો ઉછેર કરે છે, તેને ધનુર્વિદ્યામાં પારંગત બનાવીને આગળ ઉપર પોતાની કમાણી માટેનું સાધન બનાવે છે. આમ એક બ્રાહ્મણનું સંતાન અયોગ્ય ઉછેરને કારણે વાલીયા નામનો લુટારો બને છે, જે અરણ્યમાં આવતા લોકોને બાણ મારી અને લૂંટી લે છે, અને આમ તેનું ઘર પરિવાર ચાલે છે. એકવાર એ અરણ્યમાં બહુ મોટા નરેડા નામના મહર્ષિ આવે છે. વાલિયો લૂંટારો તેની પાસે લૂંટ કરવા જાય છે, અને તેને કહે છે કે તારી પાસે જે હોય તે તમામ મને આપી દે! નહીં તો હું તને મારી નાખીશ. મહર્ષિ નરેડા તેને જણાવે છે કે તારા આ પાપ કર્મમાં તારો પરિવાર સામેલ છે કે નહીં? તે જાણ્યા વગર તું પાપનું પોટલું બાંધે છે. માટે એકવાર તારા ઘરે જઈ અને તારા પરિવારને પૂછી જો કે મારા આ કર્મમાં કોણ કોણ ભાગીદાર છે? મહર્ષિના બતાવ્યા મુજબ વાલીઓ પોતાના ભીલ પરિવારમાં જઈને, વારાફરતી માતા-પિતા, પત્ની, પુત્ર, પુત્રી બધાને જ પૂછે છે, અને બધા જ કહે છે કે પરિવારનું ભરણપોષણ કરવું એ તો તમારી ફરજ છે. તમે ભરણ પોષણ માટે આવો લૂંટનો માર્ગ પસંદ કર્યો, એમાં અમે શું કરીએ! અમે તારા પાપમાં ભાગીદાર નથી. આ સાંભળી વાલિયા લૂંટારાને બહુ જ પસ્તાવો થાય છે, અને તે દોડીને મહર્ષિના પગમાં પડી જાય છે. મહર્ષિ ને તે બતાવે છે કે હે મહર્ષિ તમે મોહ માયાથી અંધ બનેલી આંખો ખોલી નાખી, હવે હું આવુ પાપ કર્મ નહિ કરું, અને ભગવાનનુ તપ કરીશ. આમ વાલિયા લૂંટારાની માનસિકતા બદલાઈ અને હિન્દુ સંસ્કૃતિ ને વાલ્મિકી જેવા ઉત્તમ બુદ્ધિ કૌશલ્ય ધરાવતા ઋષિ મળ્યાં.

મહર્ષિના ત્યાંથી જતા જ વાલીઓ લૂંટારો એ સ્થાન પર બેસી જાય છે, અને અન્ન જળ ત્યાગીને ભગવાનનું તપ કરવા લાગે છે, અને તેની પર રાફડો જામતો જાય છે. એ વાતને કેટલાયે વર્ષો વીતી જાય છે અને, એ મહર્ષિ ફરી પાછા એ માર્ગેથી પસાર થાય છે, અને જુએ છે કે અહીં તો વાલીયો તપ કરી રહ્યો છે. મહર્ષિ તેને રાફડા માંથી બહાર કાઢે છે રાફડાને સંસ્કૃતમાં વાલ્મિક કહેવામાં આવે છે, માટે ત્યારથી તેનું નામ વાલ્મીકિ પડે છે. રામાયણની રચના રામાવતાર પહેલા જ વાલ્મીકી ઋષિ એ લખી હતી, એવું પણ કહેવાય છે.

તેમણે ત્યાર બાદ તમસા નદીને કિનારે પોતાનો આશ્રમ બનાવ્યો, અને તેમને ઘણાં બધાં શિષ્યો હતાં, અને ભારદ્વાજ ઋષિ તેમના મુખ્ય શિષ્ય હતા. એકવાર તે નદીમાં સ્નાન કરવા જાય છે, અને સામેના ઝાડ પર કૌંચ નામના પક્ષીના યુગલને પ્રેમ કરતા જુવે છે. આ કૌચ નામના પક્ષીના યુગલનો નર કામાસક્ત બન્યો, ત્યાં જ એક પારધિ એ તેને બાણ માર્યું,અને તે મૃત્યુ પામે છે, આથી તેનું સાથી દુખી થઈ ને વિલાપ કરે છે,જે જોઈને વાલ્મીકિ ઋષિના મોઢામાંથી કરુણતા ને કારણે એક શ્લોક સરી પડ્યો.

આમ અનુષ્ટુપ છંદની રચના થઈ, ઋષિને પોતે ઋષિ હોવા છતાં આમ પારધિ ને શ્રાપ આપી દીધાની વેદના પણ થઈ. તેમણે નારદમુનીને પોતાની આ વેદના કહી, અને નારદજી એ આ શ્લોકને જન જન સુધી પહોંચાડવા માટેનો અનુરોધ કર્યો, અને એ રીતે રામાયણના મહાકાવ્યની રચના વાલ્મીકિ ઋષિના હાથે થઈ. રામાયણ કાળમાં જરાક નજર કરીએ તો ચિત્રકૂટ પર વનવાસ દરમિયાન પ્રભુ શ્રી રામ લક્ષ્મણ અને જાનકી વાલ્મીકિના આશ્રમમાં રહે છે, અને બીજી વારના સીતાત્યાગમાં લક્ષ્મણજી વાલ્મીકિના આશ્રમમાં જ ગર્ભવતી માતા સીતાને મૂકી આવે છે. વાલ્મીકિ ઋષિ સીતા માતાનું જતન કરે છે, અને લવ-કુશના જન્મનોને પણ અહીં જ બતાવાયો છે. વાલ્મીકિ ઋષિનાં આશ્રમમાં લવ અને કુશનો ઉછેર થાય છે, તેને ધનુર્વિદ્યામાં પારંગત બનાવવામાં આવે છે, અને, નાનપણથી જ તેમને રામાયણનુ ગાયન શીખવવામાં આવે છે. રામાયણના મહાકાવ્યના ગાયક તરીકે લવકુશ પ્રસિદ્ધ છે, અને પ્રભુ શ્રીરામ જ્યારે અશ્વમેઘ યજ્ઞ કરે છે, ત્યારે તે બંનેને અશ્વને રોકવા માટે રાજ દરબારમાં લાવવામાં આવે છે,અને તે બંન્ને ત્યાં રામયણનુ ગાન કરે છે.

કાળની ગણના વિશે આપણે કંઈ જ જાણતા નથી, પરંતુ તત્વતઃ એક વાત સૌ કોઈ જાણે છે કે, અહીં જીવનો ઉદ્ધાર કેવળ હરિનામને કારણે જ શક્ય છે,અને સીધું સાદું હરિનામ સ્મરણ એ જ તો કળિયુગમાં મુક્તિનું સાધન બતાવાયું છે. હજારો વર્ષોના તપ કરવા એ કળીયુગના માનવીની માનસિકતાની પરે છે, અથવા તો જરુરત નથી એવું પણ કહી શકાય. વાલિયા લૂંટારા માંથી વાલ્મીકિ ઋષિ બનવું એટલે કે, અધમ માં અધમ પાપ કરનારને પણ હરિનામ પાવન કરી શકે છે, અને મહર્ષિ કે બ્રહ્મર્ષિની ઉપલબ્ધિ અપાવી શકે છે.તો વિતેલા સમયમાં જે થઈ ગયું તે થઈ ગયું, પણ હજી પણ પ્રાણ છે ત્યાં સુધી શુદ્ધ હૃદયથી હરિનામનું સ્મરણ કરી, આપણે આપણું જીવન પતિત માંથી પાવન કરી શકીએ છીએ. આ જન્મમાં સિદ્ધિ ન મળે તો કંઈ નહીં, પણ જન્મ આ રીતે હરિનામ સ્મરણથી આ જન્મ માંસાર્થક કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# વિદ્યાર્થી અતિ સંયમ ન રાખે તો વિદ્યા મળતી નથી, જીવનમાં સંયમ વગર દિવ્યતા આવતી નથી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



ગુરુસેવા વગર જ્ઞાન નથી, ગુરુસેવા વગર પ્રભુ પ્રસન્ન થતા નથી એ આદર્શ શ્રીકૃષ્ણે જગતને બતાવ્યો છે. પ્રાચીનકાળમાં ગુરુઓ વિરક્ત હતા અને શિષ્ય આવા ગુરુની સેવા કરી વિરક્ત થતા. વિદ્યા એ વૈરાગ્ય વગર દીપે નહીં. ભગવાનના વિદ્યાર્થી જીવનમાં ખૂબ સંયમ છે. વિદ્યાર્થી વિદ્યાર્થી અવસ્થા વિલાસમાં જીવન ગાળે તો વિદ્યાનો વિનાશ થાય છે. શ્રીકૃષ્ણ ગુરુને ઘરે પાણી ભરે છે અને ગુરુને ઘરે વનમાંથી લાકડાં લઈ આવે છે.

ગુરુના સંસ્કાર વિદ્યાર્થીમાં આવે છે. આજકાલ ભણાવનારા પ્રોફેસરો વિલાસી હોય છે એટલે ભણનાર વિદ્યાર્થીઓ વિલાસી થાય છે. પ્રાચીનકાળમાં ગુરુઓમાં પરિપૂર્ણ સંયમ હતો એટલે વિદ્યાર્થીઓમાં પણ સંયમ આવતો સંયમ જ સુખ આપે છે. વિદ્યાર્થી અવસ્થામાં સંયમની બહુ જ જરૂર છે. આજકાલ પૈસા કમાવાની વિદ્યા શીખવાડવામાં આવે છે, પણ સંસાર સંબંધમાંથી છોડાવનારી વિદ્યા શીખવાડવામાં આવતી નથી. આત્મા શું? પરમાત્મા શું? આત્મા-પરમાત્માનો સંબંધ શું? જીવનનું લક્ષ્ય શું? આ કોઈ કહેતું નથી. સાચી વિદ્યા એ જ જે જીવને પ્રભુનાં ચરણ સુધી લઈ જાય, મુક્તિ અપાવે તે જ વિદ્યા. શ્રીકૃષ્ણ જ્યારે ગુરુકુળમાં હતા, ત્યારે સૌરાષ્ટ્રનો એક ગરીબ બ્રાહ્મણ ત્યાં ભણવા આવ્યો. તેની સાથે શ્રીકૃષ્ણને મૈત્રી થઈ.આ મિત્ર નું નામ સુદામા.શ્રીકૃષ્ણના અનેક મિત્રો હશે પણ ભાગવતમાં આ એકનું નામ આપ્યું છે. ઈન્દ્રિયોને દમ, ઈન્દ્રિયનિગ્રહ કરે તે સુદામા. ઈન્દ્રિયોનો નિગ્રહ કર્યા વિના વિદ્યા મળતી નથી, વિદ્યા ફળતી નથી. વિદ્યાર્થી આલમમાં ઈન્દ્રિયોને દમવાની ખૂબ જરૂર છે. તે સૂચવવા શ્રીકૃષ્ણના બીજા કોઈ સહાધ્યાયીનું કામ ભાગવતમાં લખ્યું નથી. ફક્ત સુદામાનું નામ લખ્યું છે. સુદામા સાથે મૈત્રી કરે તો જ સરસ્વતીની ઉપાસના થાય. પરમાત્માના સાક્ષાત્કાર માટે અતિ સંયમની જરૂર છે. વિદ્યાર્થી અતિ સંયમ ન રાખે તો વિદ્યા મળતી નથી. જીવનમાં સંયમ વગર દિવ્યતા આવતી નથી માટે સંયમ વિદ્યા, જ્ઞાન સાથે વૈરાગ્યને ખૂબ વધારો. એક વખત જે સુખનો, જે વિષયનો ત્યાગ કર્યો તેની ફરીથી ઈચ્છા થાય તો તે એકલું ખાવા જેવું થયું. માટે એક વખત ત્યાગ કર્યો પછી ત્યાગેલી ચીજની ઈચ્છા કરવી નહીં.

માટે સુદામા સાથે મૈત્રી કરજો. સુદામા સાથે મૈત્રી કરશો તો સરસ્વતી પ્રસન્ન થશે અને દ્વારિકા નાથ પણ મળશે.સુદામા એ ઉત્તમ સંયમનું સ્વરૂપ છે. શ્રીકૃષ્ણ-સુદામાના ગુરુ સાંદીપનિ છે. આત્મતત્ત્વનું સંદીપન કરી- કરાવી શકે તેનું નામ સાંદીપનિ, તે જ ગુરુ! કશું બહારથી લાવીને આપે છે તેવું નથી. આત્મતત્ત્વ જે અંદર છે તેનો જ ગુરુ અનુભવ કરાવે છે. જે મળ્યું છે તે મેળવવાનું છે, પ્રાપ્તની પ્રાપ્તિ છે.

ભગવાન પૃથ્વી ઉપર પધારે એટલે એમને પણ ગુરુની જરૂર પડે છે. તેઓ પણ ગુરુસેવા કરે છે. ભગવાને સંયમ સાથે મૈત્રી કરી સદાચારી જીવન ગાળ્યું. આજે પણ વિદ્યાર્થી સુદામાની સાથે મૈત્રી કરી વિદ્યાભ્યાસ કરે, તો વિદ્યા સફળ થાય, સંસારીઓ સાથે રહી બ્રહ્મચર્ય પાળવું કઠણ છે.સાત્ત્વિક વાતાવરણ હૃદયને પ્રફુલ્લ કરે છે. પિતા-પુત્રના વંશને બિંદુવંશ કહે છે. ગુરુ-શિષ્યના વંશને નાશવંત કહે છે. નાશવંત બિંદુવંશ કરતાં શ્રેષ્ઠ છે, એટલે પિતા કરતાં ગુરુ શ્રેષ્ઠ છે. ભગવાને વિદ્યાભ્યાસ પૂરો કર્યો. ગુરુને ગુરુદક્ષિણા માગવા કહ્યું. સાંદીપનિ કાંઈ માગતા નથી. સાંદીપનિ બોલ્યા, ક્ષીપ્રા નદીને કિનારે મારો આશ્રમ છે. વૃક્ષો ફળ આપે છે, નદી જળ આપે છે. કોઈ વસ્તુની મને અપેક્ષા નથી.

જળ અને ફળથી જેને સંતોષ છે એ ખરો બ્રાહ્મણ. તે જ સદ્ગુરુ થવાને લાયક છે. બ્રાહ્મણનું જીવન વિલાસ ભોગવવા માટે નથી, તપ માટે છે. જેની જરૂરિયાત ઓછી તેના હાથે પાપ થતું નથી.

પ્રભુએ.કહ્યું, તમને જરૂર નથી, પણ ગુરુદક્ષિણા આપ્યા વગર મારી વિદ્યા સફળ ન થાય, માટે કાંઈક માગો. સાંદીપનિએ કહ્યું, મેં તને જ્ઞાન દીધું તેમ તું બીજાને દેજે! લાયક શિષ્ય મળે તો કશા ફળની નાશા વગર એને વિદ્યા દેજે અને વિદ્યાવંશને વધારજે! આ મારી દક્ષિણા! શ્રીકૃષ્ણે ગુરુની આજ્ઞા માથે ચડાવી અને આખી દુનિયા સાક્ષી છે કે, એમણે એ આજ્ઞાનું પલન કર્યું છે. પરજ્ઞાની યોગેશ્વર શ્રીકૃષ્ણે અર્જુનને દિવ્યજ્ઞાનનું દાન કર્યું. અર્જુનની તો સેવા કરી પણ એના ઘોડાઓની પણ સેવા કરી છે. મહાભારતમાં એવું વર્ણન આવે છે કે, યુદ્ધમાં થાકેલો અર્જુન રાત્રે સૂઈ જાય પણ શ્રીકૃષ્ણ સૂતા નથી. ભગવાન રાત્રે અર્જુનના ઘોડાઓની સેવા કરે છે. ઘોડાઓને વાગેલાં બાણ કાઢે, મલમ લગાડે, બદલામાં અર્જુન પાસેથી કાંઈ લીધું નથી. અર્જુન ભલે શ્રીકૃષ્ણને ગુરુ માને, ભગવાન અર્જુનને ચેલા માનતા નથી. ભગવાને ઉદ્ધવને જ્ઞાનોપદેશ કર્યો. અર્જુનને જ્ઞાનોપદેશ કર્યો, પણ કોઈ પાસેથી કાંઈ લીધું નથી.

ગુરુ નિરપેક્ષ અને શિષ્ય નિષ્કામ હોય તો બેડો પાર થઈ જાય. પણ આજકાલ તો લોકો આશા રાખે છે, મહારાજના આશીર્વાદથી મારે ત્યાં બાબો થાય, મને સંપત્તિ મળે. પરંતુ સંતતિ અને સંપત્તિનો આશી ર્વાદ ખરા સંત આપતા નથી. સંત તો વિકારવાસનાનો નાશ કરી અલૌકિક ભજનાનંદનું દાન કરે છે. ત્યારે ભગવાન ગુરુપત્નીને કહે છે, તમે કંઈક કહો!ગુરુપત્ની પુત્રશોક થી દુઃખી હતાં. તે કહે છે,અમે પ્રભાસની જાત્રાએ ગયા ત્યારે મારો એકનો એક બાળક સમુદ્રમાં ડૂબી મરણ પામ્યો છે. ગુરુદક્ષિણામાં એ બાળક મને લાવી આપો. ભગવાન તે બાળક લાવવા ગયા. સમુદ્રમાંથી પંચજન્ય શંખ મળ્યો. તે ધારણ કર્યો. પ્રભુ મુરલીધર મટી શંખધર બન્યા. અપાર પરિશ્રમ કરી પ્રભુ મરી ગયેલા ગુરુદેવના બાળકને લઈ આવ્યા છે. ગુરુ તેમજ ગુરુપત્નીને આશીર્વાદ આપ્યા છે,સરસ્વતી તમારા મુખ માં, લક્ષ્મીજી તમારા ચરણમાં અને તમારી કીર્તિ જગતમાં થશે. બેટા, મારી વિદ્યાનો વંશ વધારજે. ગોપીઓએ પણ ભગવાન પાસે કંઈ માગ્યું નથી. એટલે ભગવાન ગોપીઓના ઋણમાં હંમશને માટે રહ્યા છે. માટે ભગવાન પાસે કંઈ માગો નહીં. શ્રીકૃષ્ણ વિદ્યાભ્યાસ કરી મથુરા આવ્યા છે. યાદવોને પરમાનંદ થયો છે. મથુરાના રાજમહેલમાં મુકામ છે. ઉદ્ધવાગમનનો પ્રસંગ આવે છે. ઉદ્ધવાગમનની કથા કહેવામાં કથાકારની કસોટી છે એમ દક્ષિણ ના મહાત્માઓ માને છે. ઉદ્ધવાગમનમાં જ્ઞાન અને ભક્તિ નો મધુર કલહ છે અને મધુર પણ છે.ઉદ્ધવનું નિર્ગુણ જ્ઞાન અને ગોપીઓની શુદ્ધ પ્રેમલક્ષણા સગુણ ભક્તિ. ભક્તિ અને જ્ઞાન માં કંઈ અંતર નથી. ભક્તિ જ જ્ઞાનરૂપે પરિણમે છે. સાધક આરંભમાં 'હું સેવક છું' એવી દૃઢ કરી ઈશ્વરની આરાધના કરે છે. એમ કરતાં સાધકને થાય છે કે,હવે ભગવાન મારા છે! પહેલા પોતે ભગવાનનો હતો,હવેભગવાન એના છે. તે પછી અનુ ભૂતિ વધે છે. દેહભાન ભુલાય છે. હવે હું રહેતું નથી, હવે ભગવાન જ રહે છે. તે પછી થાય છે કે, હું જ ભગવાન છું. દાસોહમાંથી સોહમ્ થાય છે. ભક્તિ એ જ્ઞાન છે અને જ્ઞાન એ ભક્તિ છે. જ્ઞાન અને ભક્તિ એક બને છે, ત્યારે જીવન સફળ થાય છે. જ્ઞાન ભક્તિ વગર પાંગળું છે અને ભક્તિ જ્ઞાન વગર આંધળી છે. ભક્તિ અને જ્ઞાનવૈરાગ્ય બંનેની જરૂર છે.

કેટલાક જ્ઞાનીઓ માને છેકે, અમને ભક્તિની જરૂર નથી. તેઓ ભક્તિ નો તિરસ્કાર કરે છે.કેટલાક ભક્તો માને અમને જ્ઞાનવૈરાગ્યની જરૂર નથી.તેઓ જ્ઞાનવૈરાગ્યનોતિરસ્કાર કરે છે.આ બંને વિચારો યોગ્ય નથી વૈરાગ્ય વિના ભક્તિ દૃઢ થશે નહીં. જ્ઞાનવૈરાગ્ય વગરની ભક્તિ કાચી છે.ભક્તિ વૈરાગ્ય સાથે, જ્ઞાન સાથે આવે તો દૃઢ બને છે.ભક્તિને જ્ઞાન ની અપેક્ષા છે. અને જ્ઞાનને ભક્તિ ની અપેક્ષા છે. વાચક ચાહક મિત્રો, શિયાળાની જમાવટ ધીમી ગતિએ આગળ વધી રહી છે. બોર્ડ યુનિવર્સિટી પરીક્ષાના ફોર્મ ભરવાની પ્રક્રિયા ચાલી રહી છે તો વિદ્યાર્થી અવસ્થામાં જ આળસનો ત્યાગ કરી નિર્ધારિત ધ્યેય પ્રાપ્ત કરવા સઘન પ્રયત્ન કરો.

# કોની સાથે વાદ-વિવાદ, શું સિદ્ધ કરવું છે?

માનવજાતને કુદરતની મફત ભેટમાંની એક ભેટ તે ફળ, તેના રસ ઝરતા ફળોની પોષક પૂરવણીઓ દ્વારા વ્યક્તિના સ્વાસ્થ્યને સુધારવામાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ફળો આપણને અસંખ્ય રોગોથી બચાવે તેમ જ શરીરને યોગ્ય રીત કાર્ય કરવા તેમ જ દૈનિક પ્રવૃત્તિ કરવા માટે પૂરતી ઊર્જા પણ પ્રદાન કરે છે. ફળો તેમની ફૂકટોઝની સામગ્રીને કારણે સામાન્ય ખાંડ કે મીઠાઇ કરતાં વધુ ઊર્જા ઉત્પન્ન કરવામાં સક્ષમ છે. ફળો માત્ર સ્વાદમાં જ નહીં પણ સ્વાદિષ્ટ અને પ્રેરણાદાયક તેમ જ વિટામિન્સ, મિનરલ્સ અને પ્રોટીનના મુખ્ય સ્ત્રોતો છે. આ ઘટકો રોગાણુઓ સામે પ્રતિકારના વિકાસ દ્વારા સ્વસ્થ સ્થિતિ તેમ જ ઊર્જા જાળવવામાં મદદ કરે છે. જગતમાં કુદરતે પેદા કરેલા ફળોમાં એક સુંદર દમદાર અને ઉમદા ફળ એ ‘દાડમ’ છે. દાડમની અંદરના નાના-નાના દાણા મણિ સમાન લાલ કે ગુલાબી કાન્તિવાળા ને સુંદર દેખાય છે. દાડમ મીઠાં, ખટમીઠાં, અને સંપૂર્ણ ખાટા એમ ત્રણ જાતના થાય છે. હિન્દીમાં તેને અનાર કહે છે. અંગ્રેજીમાં પ્રોમોગ્રેનટ કહે છે. દાડમના ફૂલને ગુલનાર અને છોડને દાડમડી કહે છે. ભારતમાં લગભગ સર્વત્ર થાય છે. મહારાષ્ટ્ર રાજ્યમાં સૌથી વધુ થાય છે. ઈરાન, તુર્કસ્તાન, અફઘાનિસ્તાન, બલુચિસ્તાન, અરબસ્તાન, અઝરબેઝાન, અરમેનિયા, મસ્તકમાં દાડમનો મબલખ પાક થાય છે. મસ્કતમાં જે દાડમ પાક થાય છે, તે ઘેરા રંગનાનનાને ખૂબ જ સ્વાદિષ્ટ મસ્તકલી દાડમ થાય છે. અફઘાનિસ્તાન કંદહારમાં થતાં દાડમ કંદહારી પણ ખૂબ સ્વાદિષ્ટ છે. ભારતમાં મસ્કતી અને કંદહારી દાડમની આયાત કરવામાં આવે છે. મિસ્રવાસી પ્રાચીનકાળથી દાડમને સમુદ્ધિ અને મહત્ત્વાકાંક્ષાનું પ્રતીક માને છે. ટેપવર્મ અને અન્ય સંક્રમણોની સારવાર માટે દાડમ ઉપયોગ કરે છે. અઝરબેઝાન અને કુર્દિસ્તાન જેવા આરબ દેશોમાં દાડમ એ મહત્ત્વપૂર્ણ અને રમતગમતના પ્રતીક રૂપે માને છે. આ દેશોમાં દાડમનો ઉત્સવ મનાવવામાં આવે છે. તેમ જ લગભગ બધી જ વાનગીઓમાં દાડમનો ઉપયોગ કરે છે. ખાસ કરીને દાડમનો મોલાસીસ (દ્રવગોળ) ઘરે ઘરે બનાવે છે. દાડમનો મોલાસીસ બજારોમાં પણ ખૂબ મળે છે. અઝરબેઝાનમાં દાડમના રસમાં અખરોટ ભીંજવી એક ખાસ પ્રકારની ચટણી બનાવે છે. તુર્કસ્તાનમાં દાડમની ચટણી બનાવીને ઘણીય વાનગીઓને મેરીનેટ કરે છે. દાડમના ગોળમાંથી ગુલ્લાક જેવી મીઠાઇ બનાવે છે. ગ્રીસમાં બાફેલા ઘઉં, કિસમિસ અને દાડમથી મલાઈદાર શોરબો બનાવે છે. પિસ્તા સાથે અનાર સાલસા એ ખાસ પ્રકારની વાનગી છે. અનારસોસ, દંહી અને ફલાવરની ખાસ સલાડ બનાવવામાં આવે છે.

# કિડની અને લિવરના ખૂણે ખૂણેથી ગંદકી સાફ કરી દેશે આ સસ્તા ફ્રુટ્સ

એક રીતે જોવા જઈએ તો, કિડની આપણા શરીરમાં ચાળણીનું કામ કરે છે, તો લિવર આપણા શરીરની ફેક્ટરી છે. કિડની શરીરમાં જામી રહેલા હાનિકારક ટોક્સિનને ફ્લશ આઉટ કરી દે છે. તો વળી લિવર શરીર માટે ૫૦૦થી વધારે કામ કરે છે. બંને વિના શરીરનું કામ ચાલે નહીં. એટલા માટે બંને હેલ્દી હોવા જરુરી છે. જો કે, આજકાલ જે રીતે આપણા ખાન પાન થઈ ગયા છે, તેનાથી કિડની અને લિવર પર બિનજરુરી બોઝ વધી રહ્યો છે. તેનાથી લિવર અને કિડનીમાં ગંદકી જમા થવી સામાન્ય બાબત થઈ ગઈ છે. આમ તો લિવર અને કિડની બંને પોતાની સફાઈ ખુદ કરી લે છે, પણ સમય સમય પર લિવર અને કિડનીની સાફ કરવા માટે નેચરલ ફ્રુટ્સ મદદ કરી શકે છે. બજારમાં મળતા લિવર અને કિડની ડિટોક્સ પ્રોડક્ટસની તુલનામાં નેચરણ ફ્રુટ્સ વધારે ફાયદાકારક છે.



લાલ દ્રાક્ષ- સ્ટાઈલ ક્રેઝના જણાવ્યા અનુસાર લાલ દ્રાક્ષમાં પ્લાન્ટ કંપાઉડ ફ્લેવેનોઈડ્સ હોય છે, જે ઈંફ્લામેશનથી લડે છે. ઈંફ્લામેશનના કારણે લિવર અને કિડનીમાં ગંદકી જમા થાય છે. એટલા માટે લાલ દ્રાક્ષ લિવર અને કિડની માટે વરદાનનું કામ કરે છે. સમય સમય પર લાલ દ્રાક્ષનો જ્યૂસ પીવાથી કિડની અને લિવર બંને માટે ફાયદાકારક છે. લેમન-ઓરેન્જ અને તરબૂચ જ્યૂસ- હેલ્થલાઈનના સમાચાર અનુસાર લેમન, ઓરેન્જ અને તરબૂચનો જ્યૂસ કિડનીને ખૂણે ખૂણેથી સફાઈ કરી દેશે. ફ્રુટ જ્યૂસ કિડની સ્ટોનથી બચાવે છે. તે લિવર માટે ફાયદાકારક છે. લેમન, ઓરેન્જ અને તરબૂચનો જ્યૂસ શરીરમાં ફ્લૂડનું બેલેન્સ કરે છે. લીંબુ, તરબૂત અને સંતરા સાઈટ્સ ફ્રૂટ છે, જે કિડની અને લીવર માટે નેચરલ ફળ છે. આ તમામ ફળના મિક્સ જ્યૂસનું સેવન કરવાથી કિડનીના ફિલ્ટર સાફ થઈ જશે. રિપોર્ટ અનુસાર કિડનીમાં ગંદકી જામવાનું સૌથી મોટુ કારણ છે, કેલ્શિયમના નાના-નાના ક્રિસ્ટલ. જે કેલ્શિયમ ક્રિસ્ટલને ઓગાળી દે છે. જેથી આ ફ્રુટ સફાઈની સાથે સાથે કિડનીને સુરક્ષા પણ પ્રદાન કરે છે. તરબૂચ-તરબૂચ લિવર અને કિડની માટે ખૂબ જ ફાયદાકારક છે. તરબૂચમાં મળતા લાઈકોપેન કંપાઉડ એન્ટી ઈંફ્લામેટરી છે, જે લિવર અને કિડનીના સોજાને ખતમ કરે છે. તરબૂચનું પાણી કિડની ડેમેજ થતાં બચાવે છે. બેરીઝ અથવા સ્ટ્રોબેરી-હેલ્થલાઈનના સમાચાર અનુસાર ક્રેનબરી, બ્લૂબેરી, રસ્પબેરી, જાંબુ વગેરે ફળ કિડની અને લિવર બંને માટે ફાયદાકારક છે. તેમાં એન્ટીઓકિસડેંટ્સ અને ફાયટોકેમિકલ મળે છે, જે કિડનીના સેલ્સમાં ઓક્સિડેટિવ સ્ટ્રેસ અને ઈંફ્લામેશન માટે જોખમથી બચાવે છે. આ ફ્રુટ કિડની ડિટોક્સમાં ખૂબ જ ઉપયોગ થવા લાગે છે. ન્યૂટ્રિશન જર્નલ અનુસાર રોજ ક્રેનબેરીઝનો જ્યૂસ પીવાથી યૂરેનરી ટ્રેક્ટ ઈંફેક્શન થતું નથી. હાઈડ્રેંજિયા ફૂલ હોય છે. આ એક ઔષધીય છોડ અને તેના ફૂલ અલગ અલગ રંગના હોય છે.

# આવું પણ બને, ખેડૂત ઈન્ટરનેટથી શીખ્યો ખેતી

કોરોનાકાળ બાદ મુલદ ગામના ભુપેન્દ્રભાઈ વસાવાએ ખેતી કરવાની શરૂઆત કરી હતી. તેમણે ઓનલાઈન રીસર્ચ કરીને પોતાના ખેતરમાં ઓર્ગેનિક પદ્ધતિથી ડ્રેગન ફ્રુટની ખેતી કરી છે. જેનું તેઓ પોતાના ખેતર બહાર જ વેચાણ કરી સારી આવક મેળવી રહ્યાં છે. ઝઘડિયા તાલુકાના મુલદ ગામમાં રહેતા ખેડૂત ભુપેન્દ્ર શાંતિલાલ વસાવા છેલ્લા સાડા ત્રણ વર્ષથી ખેતી સાથે સંકળાયેલા છે. ખેડૂત ભુપેન્દ્રભાઈ શાંતિલાલ વસાવાએ અભ્યાસમાં ડિપ્લોમા મિકેનિકલ એન્જિનિયરિંગ કર્યું છે. તેમણએ ભરૂચ કોર્ટમાં ચાર વર્ષ તથા થોડો સમય ઝઘડિયા રજીસ્ટ્રારમાં પણ નોકરી કરી હતી. ત્યારબાદ કોરોના સમયે ખેડૂત સંપૂર્ણપણે ખેતી જોડાઈ ગયા હતા. ખેડૂત ભુપેન્દ્રભાઈ શાંતિલાલ વસાવાએ લોકડાઉનના સમયે



ઓનલાઈન રિસર્ચ કરી ડ્રેગન ફ્રૂટની ખેતી કરવાનો વિચાર કર્યો. ડ્રેગન ફ્રુટએ ઓછા પાણીમાં થતા હોવાથી તેઓને આ ખેતી યોગ્ય લાગી. તો ત્રણથી ચાર ફાર્મમાં વિઝિટ પણ કરી હતી. ત્યારબાદ ડ્રેગન ફ્રુટ વાવવા માટેના પોલ ગોંડલથી લાવ્યા હતા. ખેડૂત ભુપેન્દ્રભાઈ શાંતિલાલ વસાવા ડ્રેગન ફ્રુટના રોપા કાઠીયાવાડથી લાવ્યા હતા. એક રોપાનો ભાવ ૫૫ રૂપિયા હતો. ખેડૂતે પોતાની ૧.૫ વિંઘા જમીનમાં ડ્રેગન ફ્રુટના ૯૦૦ પ્લાન્ટ વાવ્યા છે.

# મગજને સંકોચી નાંખે છે ધુમ્રપાન, બીડી સિગરેટ ફુંકાનારા જાણી લો આ પરિણામો

ધૂમ્રપાન કરવાથી મગજમાં ગંભીર ફેરફાર આવી શકે છે. વધુ પડતું ધૂમ્રપાન યાદ ન રહવું, પ્લાનિંગ કરવામાં સમસ્યાઓ થવી, ચિંતા કરવાની વૃત્તિ અને માનસિક સમસ્યાઓનું જોખમ વધારી શકે છે. અલ્ઝાઈમર્સ તેમજ ડિમેન્શિયા જેવા ન્યુરોડીજનરેટિવ રોગો થઈ શકે છે.

ધૂમ્રપાન શરીરને અતિ ગંભીર અસર કરે છે. વિશ્વમાં દર વર્ષે ધુમ્રપ ાનના કારણે કરોડો લોકો જીવ ગુમાવે છે. બીડી - સિગારેટમાં ઘણી જાતના હાનિકારક કેમિકલ હોય છે. આ કેમિકલ કાર્સિનોજેનિક એટલે કે કેન્સરને આમંત્રણ આપે છે. ધૂમ્રપાનથી ફેફસાં, રક્તવાહિની તંત્ર સહિતના ઘણા અવયવને નુકશાન થતું હોવાની વાત તો સૌ જાણે છે. જોકે, ધુમ્રપાનથી મગજને થતા ગંભીર નુકશાન અંગે



હજુ જાગૃતિ નથી. ધૂમ્રપાનથી મગજ સંકોચાઈ શકે, તેની ક્ષમતા ઓછી થઈ શકે અને સમય કરતાં વહેલું ઘરડું થઈ શકે સહિતના ગંભીર પરિણામો વિશે મોટાભાગના લોકો અજાણ છે. આપણા મગજના ત્રણ મુખ્ય ભાગમાં સેરેબ્રમ અથવા સેરેબ્રલ કોર્ટેક્સ, સેરેબેલમ અને બ્રેઈનસ્ટેમનો સમાવેશ થાય છે. ધૂમ્રપાન કરતી વખતે શરીરની અંદર પ્રવેશતા હાનિકારક કેમિકલ, ખાસ કરીને નિકોટિન મગજના બધા જ ભાગોને અસર કરતા હોવાનું અભ્યાસોમાં ફલિત થયું છે. વધુ પ્રમાણમાં ધૂમ્રપાન કરનારાઓ અને લાંબા સમયથી ધૂમ્રપાન કરનારા લોકોમાં સેરેબ્રલ કોર્ટેક્સમાં નોંધપાત્ર ફેરફારો જોવા મળ્યા છે. સેરેબ્રલ કોર્ટેક્સ મગજનો સૌથી મોટો ભાગ ગણાય છે. આ ભાગ દ્રષ્ટિ, સાંભળવા, બોલવા, સ્પર્શનો પ્રતિભાવ, લાગણીઓ, શીખવા અને તાર્કિક ચિંતન અને બારીક હલનચલનનું મેનેજમેન્ટ કરે છે. ત્યારે ધૂમ્રપાન ન કરનારાઓના મગજની સરખામણીએ ગ્રે મેટરનું પાતળું થવું, સેરેબ્રમના કદમાં ઘટાડો અને મગજના વોલ્યુમમાં જોખમી ઘટાડો થવા જેવા તારણો સામે આવ્યા છે.

ધૂમ્રપાન કરવાથી મગજમાં ગંભીર ફેરફાર આવી શકે છે. વધુ પડતું ધૂમ્રપાન યાદ ન રહવું, પ્લાનિંગ કરવામાં સમસ્યાઓ થવી, ચિંતા કરવાની વૃત્તિ અને માનસિક સમસ્યાઓનું જોખમ વધારી શકે છે. સેરેબ્રલ સેરેબ્રલ કોર્ટેક્સ પાતળું થવાથી અને મગજનું વોલ્યુમ ઘટવાથી ન્યુરોડીજનરેશનનું જોખમ ઉભુ થાય છે. તેનાથી અલ્ઝાઈમર્સ તેમજ ડિમેન્શિયા જેવા ન્યુરોડીજનરેટિવ રોગો થઈ શકે છે.

અહીં ઉલ્લેખનીય છે કે, પડતું ધૂમ્રપાન કરવાથી મગજમાં લોહીનો પુરવઠો પણ ઓછો થઈ શકે છે. રક્ત વાહિનીઓની અંદરથી ગંઠાઈ શકે છે. ગંઠાઈ જવાથી મગજમાં લોહીના પ્રવાહ યોગ્ય રીતે થતો નથી. પરિણામે મગજના સંકોચાઈ જાય છે. વધુ પડતું ધૂમ્રપાન કરનારાઓ અથવા લાંબા સમયથી ધૂમ્રપાન કરનાર લોકોમાં ધૂમ્રપાનના કારણે મગજનું સંકોચન થવા પાછળ બે મુખ્ય કારણ હોઈ શકે છે. જેમાં પહેલું કારણ કેમિકલની મગજના કોષો પર સીધી અસર છે અને બીજું મગજને લોહીના પુરવઠા પર કેમિકલની અસર છે.

BOLLYWOOD NEWS FLASH

**દિપીકા તેની નાની બહેન અનીશા પાદુકોણ સાથે જોવા મળી દીપિકાનો વેંકટેશ્વર મંદિરમાં પૂજા કરતો વીડિયો વાયરલ**

## ફાઇટર ફિલ્મ રીલીઝ પહેલા વેંકટેશ્વર મંદિર પંહોચી દીપિકા



। મુંબઈ, તા.૧૭ ।

બોલિવૂડ અભિનેત્રી દીપિકા પાદુકોણ આ દિવસોમાં તેની ફિલ્મ ફાઈટર માટે સમાચારમાં છે. આ ફિલ્મમાં દીપિકા પહેલીવાર યુનિફોર્મ પહેરીને જોવા મળશે. આ સાથે જ તે પહેલી વાર હૃતિક રોશન સાથે સ્ક્રીન શેર કરતી પણ જોવા મળશે.

આ દરમિયાન દીપિકા પાદુકોણ ગુરુવારે ભગવાન વેંકટેશ્વરની પૂજા કરવા તિરુમાલા પહોંચી હતી, જ્યાં તેની નાની બહેન અને ગોલ્ફર અનીશા પાદુકોણ પણ તેની સાથે આવી હતી. આ દરમિયાન બંને સાથે જોડાયેલા વીડિયો અને ફોટોઝ વાયરલ થઈ રહ્યા છે જેને ફેન્સ પસંદ કરી રહ્યા છે પરંતુ આ દરમિયાન કેટલાક લોકોએ એક્ટ્રેસને ટ્રોલ કરવાનું પણ શરૂ કરી દીધું છે. દીપિકાનો વેંકટેશ્વર મંદિરમાં પૂજા કરતો વીડિયો હાલ ઘણો વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં દીપિકાએ બ્લેક હૂડી પહેરી છે અને એકદમ સિમ્પલ લુકમાં જોવા મળી રહી છે. તે જ સમયે, તેની પ્રથમ બહેન અનીશાએ પણ તેની બહેનની જેમ ખૂબ જ કેઝ્યુઅલ લુક રાખ્યો છે અને કેસરી રંગની હૂડી અને બ્લેક પેન્ટમાં જોવા મળે છે. આ સમય દરમિયાન, દીપિકા અને અનીશા ફક્ત મંદિર પરિસરમાં જ ફરે છે અને કોઈપણ રીતે વાત કરતા નથી. આ વિડિયોમાં જોઈ શકાય છે કે પાદુકોણ બહેનોએ ભગવાન વેંકટેશ્વરના મંદિરમાં જઈને તેમના આશીર્વાદ લીધા હતા અને આ દરમિયાન આરતી પણ કરી હતી. જો કે, વીડિયો સામે આવતાની સાથે ઘણા લોકો એમના વખાણ કરી રહ્યા છે અને કેટલાક લોકોએ આ માટે અભિનેત્રીને ટ્રોલ પણ કરી છે. વીડિયો પર એક યૂઝરે લખ્યું છે કે, ’લાગે છે કે કોઈ ફિલ્મ આવવાની છે.’ આ સાથે એકે લખ્યું કે ‘બોલિવૂડના તમામ સ્ટાર્સ ભગવાન અને મંદિરોને કેમ યાદ કરી રહ્યા છે.’ જ્યારે એકે લખ્યું, ‘તે આગામી ફિલ્મમાં ડ્રામા કરવા આવી છે.’


## શું ઐશ્વર્યા રાય અને અભિષેક બચ્ચન થઈ રહ્યા છે અલગ?

। મુંબઈ, તા.૧૭ ।

બચ્ચન પરિવાર બોલિવૂડના સૌથી પ્રખ્યાત અને નામદાર પરિવારોમાનું એક છે. પરિવારના દરેક સભ્ય હંમેશા લાઈમલાઈટમાં રહે છે. જો કે છેલ્લા કેટલાક દિવસોથી એવી કેટલીક બાબતો ચાલી રહી છે જેને લઈને ચાહકો પણ ચીંતિત છે. એવું કહેવામાં આવી રહ્યું હતું કે બચ્ચન પરિવારમાં કંઈક સારું નથી ચાલી રહ્યું. હવે એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ઐશ્વર્યા બચ્ચન પોતાનું ઘર છોડી તેના તેના માતા-પિતાના ઘરે ચાલી ગઈ છે. ત્યારે ફેન્સ જાણવા માંગે છે શું ખરેખર એશ્વર્યા બચ્ચન અભિષેકનું ઘર છોડીને જતી રહી છે? જો કે, ઐશ્વર્યા બચ્ચન તેની સાસરીમાંથી તેના માતા-પિતાના ઘરે જવાના સમાચાર કેટલા સાચા છે તે અંગે હજુ કોઈ સ્પષ્ટતા થઈ નથી. પરંતુ આ દરમિયાન એક વીડિયો સામે આવ્યો છે જે ઐશ્વર્યા-અભિષેક બન્ને સાથે જોવા મળ્યા છે પણ અહી એ જ વીડિયોમાં જોઈ શકાય છે કે બન્ને અલગ અલગ ગાડીમાંથી ઉતરી રહ્યા છે. તમને જણાવી દઈએ કે ઘણા સમયથી અફવાઓ ચાલી રહી હતી કે ઐશ્વર્યા અને અભિષેક વચ્ચે લડાઈ ચાલી રહી છે અને બંને અલગ થવા જઈ રહ્યા છે. પરંતુ હવે ઐશ્વર્યાને બચ્ચન પરિવાર સાથે જોયા બાદ સમજી શકાય કે બધુ બરાબર છે પણ આ બધાની વચ્ચે બન્નેનું અલગ અલગ કારમાંથી બહાર આવવું ફરી એકવાર બન્નેના સબંધની વહેતી ચર્ચાઓ પર શંકા ઉભી કરે છે.



## ફિલ્મ ‘ડંકી’ને હિટ બનાવવા શાહરૂખનો માસ્ટર પ્લાન તૈયાર



। મુંબઈ, તા.૧૭ ।

પઠાણ અને જવાનના તોફાન બાદ હવે શાહરૂખ ખાને ડંકી દ્વારા બોક્સ ઓફિસ પર સુનામી લાવવા માટે પોતાના માસ્ટર પ્લાન પર કામ શરૂ કરી દીધું છે. ૪ વર્ષ પછી સુપરસ્ટારની કમબેકએ એક વાત સાબિત કરી દીધી કે શાહરૂખ ભલે સ્ક્રીન પરથી બ્રેક લે, પરંતુ તેની પાસેથી તેનું બાદશાહત કોઈ છીનવી નહીં શકે. એવું માનવામાં આવે છે કે શાહરૂખ ખાને ડંકી માટે પઠાણ અને જવાન દરમિયાન અપનાવેલી પ્રમોશન સ્ટ્રેટેજી માટે કેટલાક અપડેટ ઉમેર્યા છે. મતલબ કે રસ્તો એ જ છે પણ થોડો નવો વિચાર. મળતી માહિતી મુજબ ડંકીનાં પ્રમોશન સ્ટ્રેટેજી પર ૧૧ ડિસેમ્બરથી કામ શરૂ થઈ ગયું છે. આ દિવસે ફિલ્મનું ગીત ઓ માહી રિલીઝ થયું હતું. આ ગીતને ફિલ્મના ડાયરેક્ટર રાજકુમાર હિરાની દ્વારા અલગથી શૂટ કરવામાં આવ્યું છે. કારણ સ્પષ્ટ છે કારણ કે ડાયરેક્ટર ન હતા ઈચ્છતા કે વાર્તા વિશે કોઈને કંઈ ખબર પડે. અહીંથી તેનો માસ્ટરપ્લાન શરૂ થયો અને મેકર્સે ગીત પર પ્રોમો સોંગ લખ્યો.

## સ્કુલ પરફોર્મન્સમાં પહેલીવાર જોવા મળ્યો આરાધ્યાનો ચહેરો

। મુંબઈ, તા.૧૭ ।

બોલીવુડ અભિનેત્રી ઐશ્વર્યા રાય બચ્ચન છેલ્લા ઘણા સમયથી તેની પર્સનલ લાઈફને લઈને ચર્ચામાં છે. છેલ્લા ઘણા સમયથી ચર્ચાઓ છે કે અભિષેક અને ઐશ્વર્યા અલગ થઈ રહ્યા છે જોકે આ વાતનું ખંડન વારંવાર થઈ રહ્યું છે કારણ કે જ્યારે પણ આવી અફવા ઉડે છે તેના થોડા સમયમાં બચ્ચન પરિવાર એક સાથે જોવા મળે છે. તાજેતરમાં જ એશ્વર્યા રાય બચ્ચન અને અભિષેક બચ્ચન તેમજ બચ્ચન પરિવારના અન્ય લોકો આરાધ્યા બચ્ચનના સ્કૂલ ફંક્શનમાં પહોંચ્યા હતા. બચ્ચન પરિવારની તસવીરો અને વિડિયો ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહ્યા છે. જોકે તેની સાથે એક વિડીયો ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે. આ વિડીયો વાયરલ થવાનું કારણ છે કે તેમાં પહેલી વખત આરાધ્યા બચ્ચનનો ચહેરો આખો જોવા મળે છે. આરાધ્યા બચ્ચન તેની હેર સ્ટાઈલના કારણે ખૂબ જ ટ્રોલ થતી હોય છે, હેરસ્ટાઈલના કારણે તેનો લુક કેવો છે તે જોવા મળતો નથી. પરંતુ આ વીડિયોમાં પહેલી વખત છે કે આરાધ્યા બચ્ચનનો પૂરો ચહેરો લોકોને જોવા મળ્યો છે. ઈન્ટરનેટ પર આરાધ્યા બચ્ચનના સ્ટેજ પરફોર્મન્સનો આ વિડીયો વાયરલ થઈ રહ્યો છે. વીડિયો વાયરલ થતા આરાધ્યા બચ્ચનના લુકથી લઈને તેની એક્ટિંગની ખૂબ જ ચર્ચાઓ થઈ રહી છે. આરાધ્યા બચ્ચનની સ્કૂલ ધીરુભાઈ અંબાણી ઈન્ટરનેશનલ સ્કૂલમાં એન્યુઅલ ફંકશન દરમિયાન એશ્વર્યા અને અભિષેકની દીકરી આરાધ્યા બચ્ચને એક એક્ટમાં ભાગ લીધો હતો.



# રામ મંદિર ઉદ્‌ઘાટન સમારોહમાં અનેક સેલિબ્રિટીઓ હાજરી આપશે

## અમિતાભ બચ્ચન, રજનીકાંત અને અક્ષય કુમારને આમંત્રણ; હાલમાં ૧૮ લોકોના નામ સામે આવ્યા છે

। મુંબઈ, તા.૧૭ ।

૨૨મી રોજ અયોધ્યામાં રામ મંદિરનું ઉદ્‌ઘાટન થવાનું છે. આ દિવસે રામ મંદિરમાં રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવશે. આ કાર્યક્રમ ખૂબ જ ભવ્ય રીતે યોજાનાર છે. ફિલ્મ જગતના ઘણા મોટા સ્ટાર્સને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. હાલમાં ૧૮ લોકોના નામ સામે આવ્યા છે, જેમને આ કાર્યક્રમમાં આમંત્રણ આપવામાં આવ્યું છે. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી અમિતાભ બચ્ચન, માધુરી દીક્ષિત, અક્ષય કુમાર, અનુપમ ખેર, અરુણ ગોવિલ, દિગ્દર્શક રાજકુમાર હિરાની, સંજય લીલા ભણસાલી અને રોહિત શેટ્ટીનો સમાવેશ કરવામાં આવશે. રજનીકાંત, ચિરંજીવી, મોહનલાલ, ધનુષ અને કાંતરા ફેમ રિષભ શેટ્ટીને સાઉથ ઈન્ડસ્ટ્રી તરફથી આમંત્રણ મળ્યું છે. ફિલ્મ ઉદ્યોગની આવી હસ્તીઓ સાથે સંકલન કરી રહેલા એક વરિષ્ઠ અધિકારીએ આ વાતની પુષ્ટિ કરી છે. તેમણે કહ્યું, ’આ પવિત્ર તહેવાર માટે હિન્દી, દક્ષિણ, પંજાબ અને બંગાળના ફિલ્મ ઉદ્યોગમાંથી કુલ ૧૮ વિશેષ પ્રતિભાઓને આમંત્રણ આપવામાં આવ્યું છે. પ્રથમ તબક્કાના નામ હમણાં જ જાહેર કરવામાં આવ્યા છે. આગળ અમે પંજાબ અને બંગાળથી આવતા લોકોના નામ પણ જાહેર કરીશું.

આ તહેવારને યાદગાર બનાવવા માટે અન્ય ક્ષેત્રના લોકોને પણ આમંત્રિત કરવામાં આવી રહ્યા છે. આ જ શ્રેણીમાં, ફિલ્મ ઉદ્યોગમાં વિશેષ યોગદાન આપનારાઓને આમંત્રિત કરવાની સૂચનાઓ પણ આપવામાં આવી હતી. ખાસ વાત એ છે કે આમંત્રિત તમામ હસ્તીઓ અયોધ્યા આવવા માટે ખૂબ જ ઉત્સુક છે.

રામ મંદિર માટે જે કાર્ડ મોકલવામાં આવી રહ્યા છે તેના પર લખેલું છે...પ્રાણ-પ્રતિષ્ઠા સમારોહ. તેમની અંદર એક પત્ર છે. તેમાં લખ્યું છે... તમે જાણતા હશો કે લાંબા સંઘર્ષ બાદ શ્રી રામ જન્મભૂમિ પર મંદિરનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. પોષ, શુક્લ દ્વાદશી, વિક્રમ સંવત ૨૦૮૦, સોમવાર, ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ, રામલલ્લાની નવી મૂર્તિને ગર્ભગૃહમાં અભિષેક કરવામાં આવશે. અમારી પ્રબળ ઈચ્છા છે કે તમે આ શુભ અવસર પર અયોધ્યામાં જીવનના પવિત્રતાના સાક્ષી બનવા અને આ મહાન ઐતિહાસિક દિવસની ગરિમાને વધારવા માટે હાજર રહો. ૨૧મી જાન્યુઆરી પહેલાં અયોધ્યા પધારવા માટે વિનંતી છે. તમે જેટલા વહેલા અયોધ્યા આવશો એટલી તમને વધુ સગવડ મળશે. જો તમે મોડા પહોંચશો તો તમારે સમસ્યાનો સામનો કરવો પડી શકે છે.

# આણંદમાં સરદાર પટેલ યુનિ.નો ૬૬મો પદવીદાન સમારોહ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો

। આણંદ, તા.૧૭ ।

રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતે વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા યુવાનોને ઈમાનદારી, કર્તવ્યભાવ અને કર્મયોગ સાથે આગળ વધી દેશની પ્રગતિમાં યોગદાન આપવા જણાવ્યું હતું. રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું કે,આઝાદીના વર્ષો બાદ સમયને અનુકૂળ નવી શિક્ષણ નીતિ દ્વારા ભાવિ પેઢીને કૌશલ્યલક્ષી બનાવવાનું ભગીરથ કાર્ય વડાપ્રધાનશ્રીએ કર્યું છે.

વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણ માટે કોલેજો, યુનિવર્સિટીઓ અને યુવાનો સમર્પણ ભાવ અને પરિશ્રમથી સહયોગ આપી દેશના ભાગ્ય, દિશા, દશા બદલવા પ્રતિબધ્ધ બને તે જરૂરી છે. તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશ સર્વાંગી વિકાસ સાથે ખોવાયેલું સ્વાભિમાન પ્રાપ્ત કરી રહ્યો છે. આણંદમાં વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીના ૬૬માં પદવીદાન સમારોહમાં કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે, રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, ઉચ્ચ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ અને શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયાની ઉપસ્થિતિમાં યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાઓમાં શ્રેષ્ઠ



દેખાવ કરવા બદલ ૧૦૬ તેજસ્વી વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રકો એનાયત કર્યા હતા.

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે નવપદવી ધારકોને જીવનમાં કઠિનમાં કઠિન લક્ષ નિર્ધારીત કરી આઝાદીના અમૃતકાળમાં દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપવા સંકલ્પબદ્ધ થવા આહ્વાન કર્યું છે.

આ સંદર્ભમાં તેમણે ઉમેર્યું કે યુવાનો ભારતનું ભવિષ્ય છે, ત્યારે ભારતને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વોઈસ ઓફ યુથ, ચોઈસ ઓફ યુથ, પાવર ઓફ યુથ અને એસ્પિરેશન ઓફ યુથની નીતિ અપનાવી યુવાનો માટે અનેક ક્ષિતિજો ખુલ્લી મૂકી છે.

# કુકરમુંડા તાલુકાના ઉભદ અને ચિરમટી ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ

। તાપી, તા.૧૭ ।

તાપી જિલ્લા સહિત સમગ્ર દેશમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા ભ્રમણ કરી રહી છે. આ યાત્રા થકી નાગરિકોને પોતાના ઘરઆંગણે જ સરકારની જનકલ્યાણલક્ષી યોજનાઓની માહિતી તથા લાભ મળી રહ્યાં છે. ત્યારે તાપી જિલ્લામાં આજરોજ કુકરમુંડા તાલુકાના ઉભદ અને ચિરમટી ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ હતી. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને લાભોનુ વિતરણ કરાયુ હતુ.ઉપરાંત લાભાર્થીઓએ ''મેરી કહાની, મેરી ઝુબાની'' થીમ હેઠળ પોતાને મળેલા યોજનાકીય લાભો વિશેના પ્રતિભાવો રજૂ કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન ગ્રામજનોએ રથના માધ્યમથી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીનો વિડીયો સંદેશ નિહાળ્યો હતો. મોટી સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનોએ ભારત દેશને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી. બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યર્કમો રજુ કરાયા હતા. આ સાથે મેડિકલ કેમ્પ તથા યોજનાકિય સ્ટોલ પ્રદર્શનનો લાભ સ્થાનિકોએ લઈ વિવિધ યોજનાના ફોર્મ ભર્યા હતા.

# રાજ્યના ૭ જિલ્લાના દરિયાકાંઠાથી આશરે ૩ થી ૭ નોટીકલ માઈલ દૂર દરિયામાં ૨૫ જેટલી આર્ટિફિશિયલ રીફ પ્રસ્થાપિત થશે : મત્સ્યોદ્યોગ મંત્રી રાઘવજી પટેલ

। ગાંધીનગર, તા.૧૭ ।

ગુજરાત દેશનો સૌથી લાંબો ૧૬૦૦ કિ.મી. જેટલો વિશાળ દરિયાકાંઠો ધરાવતું રાજ્ય છે. જ્યાં મત્સ્ય ઉત્પાદનની ક્ષમતા ખૂબ જ વધારે છે. છેલ્લા બે દશકામાં ગુજરાતમાં મત્સ્ય ઉત્પાદનમાં ખૂબ જ વધારો થયો છે. પરંતુ છેલ્લા ૫ વર્ષ દરમિયાન દેશ સહિત ગુજરાતના મત્સ્ય ઉત્પાદનમાં સામાન્ય ઘટાડો જોવા મળ્યો છે. રાજ્યના મત્સ્ય ઉત્પાદનમાં દર વર્ષે સતત વધારો થાય તે માટે દરિયાઈ જીવસૃષ્ટિને આરક્ષિત કરી સંવર્ધન કરવું પણ એટલું જ અગત્યનું છે. જે માટે ગુજરાતના દરિયાઈ વિસ્તારમાં માછલીઓની જાત અને સંખ્યામાં વધારો કરવા માટે કુલ ૨૫ આર્ટિફિશિયલ રીફની સ્થાપના માટે મંજૂરી આપવામાં આવી છે.

આ અંગે માહિતી આપતા મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં મત્સ્ય ઉત્પાદન વધારવા માટે ભારત સરકારની ''પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના'' હેઠળ આર્ટિફિશિયલ રીફની સ્થાપના માટેની યોજના અમલમાં મૂકવામાં આવી છે. જે અંતર્ગત ગુજરાતમાં અલગ-અલગ ૨૫ જગ્યાઓ ખાતે આર્ટિફિશિયલ રીફની સ્થાપના કરવામાં આવશે. દરિયાઈ જીવસૃષ્ટિના કુદરતી નિવાસસ્થાન (રીફ) જેવા જ આર્ટિફિશિયલ રીફનો ઉપયોગ દરિયાઈ જીવસૃષ્ટિનું સંરક્ષણ, કૃત્રિમ રહેઠાણ તેમજ બ્રીડીંગ ગ્રાઉન્ડ પૂરું પાડવા માટે થાય છે. જે નાની માછલીઓના વિકાસ માટે સુરક્ષિત વાતાવરણ પૂરું પાડશે. મંત્રી શ્રી પટેલે વધુમાં ઉમેર્યું હતું કે, ''પ્રમોશન ઓફ સસ્ટેનેઈબલ ફિશરીઝ એન્ડ લાઈવલીહુડ થ્રુ આર્ટિફિશિયલ રીફ'' પ્રોજેક્ટ હેઠળ ગુજરાતના ગીર સોમનાથ, અમરેલી, જૂનાગઢ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, જામનગર અને કચ્છને મળી કુલ સાત જિલ્લાના દરિયાકાંઠાથી આશરે ૩ થી ૭ નોટીકલ માઈલ દરિયાઈ વિસ્તારમાં ૨૫ જેટલી આર્ટિફિશિયલ રીફ પ્રસ્થાપિત કરવામાં આવશે, જેનો રાજ્યના નાના માછીમારોને લાભ થશે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, ભારત સરકાર દ્વારા સૂચિત કરાયેલા સ્પેસિફિકેશન મુજબ એક રીફમાં ૨૫૦ મોડ્યુલનો સમાવેશ થશે. જેમાં એક મોડ્યુલની અંદાજીત કિંમત રૂ. ૧૨,૪૦૦ અને એક રીફની અંદાજિત કિંમત રૂ. ૩૧ લાખ નક્કી કરવામાં આવી છે. જે પ્રમાણે રાજ્યમાં કુલ રૂ. ૭૭૫ લાખના ખર્ચે ૨૫ આર્ટિફિશિયલ રીફની સ્થાપના થશે. જેમાં ૬૦ ટકા ફાળો કેન્દ્ર સરકાર અને બાકીનો ૪૦ ટકા ફાળો ગુજરાત સરકારનો રહેશે. તેમણે કહ્યું કે, વર્ષ ૨૦૦૫-૦૬માં ગુજરાતનું મત્સ્ય ઉત્પાદન ૭.૩૩ લાખ મે.ટન હતું, જે વધીને વર્ષ ૨૦૨૧-૨૨માં ૮.૭૩ લાખ મે.ટન થયું હતું. સાથે જ ગુજરાતની મત્સ્ય નિકાસ લગભગ બમણી અને ગુજરાતનું વિદેશી હુંડીયામણ વર્ષ ૨૦૨૧-૨૨ સુધીમાં આશરે પાંચ ગણું વધ્યું છે. આજે દેશના કુલ મત્સ્ય નિકાસના ગુજરાતનો હિસ્સો ૧૭ ટકાથી વધુ છે. આર્ટિફિશિયલ રીફની સ્થાપનાથી આગામી સમયમાં ગુજરાતના મત્સ્ય ઉત્પાદન અને દેશના મત્સ્ય નિકાસમાં ગુજરાતનો હિસ્સો સૌથી વધારે હશે, તેવી મંત્રીશ્રીએ આશા વ્યક્ત કરી હતી.

# કેન્દ્ર અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓ લાભાર્થીઓને દ્વાર પહોંચાડતી વિકસિત ભારત સંકલ્પ યાત્રા

## યાત્રાના ઉપક્રમે ૧૮૬ લોકોના સ્વાસ્થ્યની સામાન્ય તપાસ અને ટી.બી.સ્ક્રીનીંગ અને ૧૭૯ આયુષમાન કાર્ડનું વિતરણ કરાયુ

। અમદાવાદ, તા.૧૭ ।

કેન્દ્ર અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓ લાભાર્થીઓને દ્વાર પહોંચાડતી વિકસિત ભારત સંકલ્પ યાત્રા સાણંદના ચરલ ગામે પહોંચી હતી. વિકસિત ભારત સંકલ્પ યાત્રા સમારોહમાં આયુષ્યમાન કાર્ડ, ઉજ્જ્વલા યોજના સહિત વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરાયું હતું. યાત્રા નિમિતે યોજાયેલી આરોગ્ય શિબિરમાં ૧૮૬ લોકોના સ્વાસ્થ્યની તપાસ તેમજ ટી.બી.સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ૧૭૯ આયુષ્યમાન કાર્ડનું વિતરણ પણ કરાયું હતું.

વિકસિત ભારત સંકલ્પ યાત્રા સમારોહ દરમિયાન ચરલ ગામના ત્રણ પ્રગતિશીલ મહિલા અને પાંચ તેજસ્વી વિદ્યાર્થી અને પાંચ રમતવીરને એવોર્ડ આપી સન્માનિત કરાયા હતા. આ ઉપરાંત સરપંચશ્રીને જલ જીવન મિશનમાં સો ટકા



લક્ષ્ય સિદ્ધિ બદલ પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા. ચરલ ગામે પ્રધાનમંત્રી જનધન યોજનામાં પણ ૧૦૦% લક્ષ્યસિદ્ધિ પ્રાપ્ત કરી છે.

યાત્રા નિમિતે ડ્રોન ટેકનોલોજીનો ખેતીમાં ઉપયોગ કેવી રીતે કરી શકાય અને તેનાથી ખેડૂતોને શું ફાયદો થઈ શકે તે માટે ડ્રોનનું ડેમોસ્ટ્રેશન પણ કરવામાં આવ્યું હતુ. તથા આજના પ્રસંગે કુલ ૩૧૧ લોકોએ વિકસિત ભારતના સંકલ્પ ગ્રહણ કર્યા હતા. આ અવસરે ચરલ ગામના સરપંચશ્રી, જિલ્લા-તાલુકા પંચાયતના સભ્ય શ્રીઓ સહિતના આગેવાનો અને ગ્રામજનો ઉત્સાહભેર હાજર રહ્યા હતા.

# વલસાડ જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક જિલ્લા કલેક્ટરશ્રી ક્ષિપ્રા આગ્રેના અધ્યસ્થાને મળી



। વલસાડ, તા.૧૭ ।

વલસાડ જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક તા. ૧૬ ડિસેમ્બરના રોજ બપોરે ૧ કલાકે જિલ્લા કલેકટરશ્રી ક્ષિપ્રા આગ્રેના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં નવા બની રહેલા બ્રિજ તેમજ માર્ગો પર ટ્રાફિક મેનેજમેન્ટ, બ્લેક સ્પોટ પર થતા અકસ્માતોને અટકાવવા તેમજ શાળા કોલેજ ખાતે ટ્રાફિક નિયમોનું ખાસ પાલન થાય તે માટે કલેકટરશ્રીએ સૂચનો કર્યા હતા.

વલસાડ જિલ્લામાં આવેલી સ્કૂલો પાસે ટ્રાફિક જામની સમસ્યા ઉકેલવા માટે વિદ્યાર્થીઓને લેવા અને મુકવાની કામગીરી સ્કૂલ પ્રિમાઈસીસમાં જ થાય જેથી જાહેર માર્ગ પર ટ્રાફિક જામ ન થાય તેવુ સૂચન કલેકટરશ્રીએ કર્યું હતું. આ સિવાય શાળા-કોલેજના વિદ્યાર્થીઓ ટ્રાફિકના નિયમ અંગે જાગૃત બને તે માટે શિક્ષણ વિભાગ દ્વારા માર્ગ સલામતી અંગે કરેલા જાગૃતિ અને કેળવણીના કાર્યક્રમોની સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં શિક્ષણ વિભાગ દ્વારા શાળા – કોલેજોમાં કુલ ૨૬૩ સ્કૂલોમાં જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમો કરવામાં આવ્યા હોવાનું જિલ્લા શિક્ષણાધિકારીએ જણાવ્યું હતું. જે મામલે કલેકટરશ્રીએ હવે તમામ શાળા કોલેજોના વિદ્યાર્થીઓ દ્વારા ટ્રાફિક નિયમોનું પાલન થાય છે કે નહીં તે ચકાસવા માટે ઓચિંતી ડ્રાઈવ રાખવા આરટીઓ અધિકારી નિકુંજ ગજેરાને સૂચના આપી હતી.

કલકેટરશ્રીએ વલસાડ જિલ્લાના પાંચેય પાલિકા વલસાડ, ધરમપુર, પારડી, વાપી અને ઉમરગામના ચીફ ઓફિસરોને સ્થાનિક શાકભાજી માર્કેટમાં લોકો સરળતાથી અવરજવર કરી શકે તે માટે પેવર બ્લોકથી માંડીને રસ્તામાં પાણીનું લીકેજ સહિતની નાની નાની સમસ્યા તેમજ દુકાનોની આગળ લારી ગલ્લાનું દબાણ અને પાર્કિંગની સમસ્યા ઉકેલવા માટે તાકીદ કરી હતી. વલસાડ અબ્રામા રોડ પર બનાવાયેલા સાયકલ ટ્રેક પર સ્થાનિક લોકો દ્વારા થયેલુ દબાણ દૂર કરી જાહેર જનતા માટે રસ્તો ખુલ્લો કરવા પણ કલેકટરશ્રીએ જણાવ્યું હતું.

## અમદાવાદ જિલ્લાના દસકોઈ તાલુકાના વાંચ ગામ ખાતે

# ધારાસભ્ય બાબુભાઈ જાદવની હાજરીમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું

## વિકસિત ભારત સંકલ્પ યાત્રા હેઠળ આરોગ્ય અને ટીબી કેમ્પમાં ગામના લોકોની તપાસ કરવામાં આવી



। અમદાવાદ, તા.૧૭ ।

વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથ સમગ્ર ભારતભરમાં ફરીને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ વિશે લોકોને માહિતી પૂરી પાડી રહ્યાં છે. આ યોજનાઓના લાભ હેઠળ સમગ્ર દેશના તમામ જિલ્લા અને તાલુકાઓમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ અમદાવાદ જિલ્લાના દસ્કોઈ તાલુકામાં પહોંચ્યો હતો. ધારાસભ્ય શ્રી બાબુભાઈ જાદવની ઉપસ્થિતિમાં દસકોઈ તાલુકાના વાંચ ગામ ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

વાંચ ગામના કુલ ૧૧૨૭ લોકોની હાજરીમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા હેઠળ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સ્થળ પર હાજર ૬૨૩ લોકોના આરોગ્યની અને ટીબીની તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત 'માય ભારત' હેઠળ ૪૮ સ્વયંસેવકોના રજીસ્ટ્રેશન કરવામાં આવ્યા હતા. પ્રધાનમંત્રી ઉજ્વલા યોજના હેઠળ ૪ લોકોને લાભ વિતરણ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત મહિલાઓ, વિદ્યાર્થીઓ, લોકલ રમતવીરો અને લોકલ કલાકારોને તેમના ક્ષેત્રમાં સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે એવોર્ડ આપવામાં આવ્યા હતા. 'મેરી કહાની, મેરી જુબાની' હેઠળ ૪ લાભાર્થીઓએ પોતાના અનુભવો લોકો સમક્ષ રજૂ કર્યા હતા અને ત્યારબાદ સમગ્ર ગામવાસીઓએ વિકસિત ભારત માટે સંકલ્પ લીધો હતો. સોઈલ હેલ્થ કાર્ડનું પ્રદર્શન યોજી પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતો દ્વારા પોતાના પ્રાકૃતિક કૃષિને લગતા અનુભવો ઉપર ચર્ચા કરવામાં આવી હતી.

આ ઉપરાંત, ૯૮ લોકોના આયુષ્માન કાર્ડ બનાવી તેમાંથી ૬૧ લોકોને આયુષ્માન કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. વાંચ પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડ્રોન પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. 'ધરતી કહે પુકાર કે' નુક્કડ નાટક દ્વારા ભુવાલ ગામના લોકોને પ્રાકૃતિક ખેતીની સમજ આપવામાં આવી હતી. કાર્યક્રમના અંત ભાગમાં ગામના સૌ કોઈએ વિકસિત ભારતનો સંકલ્પ લીધો હતો. અમદાવાદ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ શ્રી કાંતિજી ઠાકોર, તાલુકા પંચાયતના અન્ય પદાધિકારીઓ અને કર્મચારીઓ અને વાંચ ગામના લોકો મોટી સંખ્યામાં આ કાર્યક્રમમાં હજાર રહ્યાં હતાં.

# ''પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ મળવાથી અમારા પરિવારને પાકા ઘરની સગવડ પ્રાપ્ત થઈ છે'' : લાભાર્થી શ્રીમતી સુમનબેન વસાવા

## આર્થિક રીતે નબળા વર્ગનાં પરિવારો માટે આશીર્વાદરૂપ બની છે પ્રધાનમંત્રી આવાસ યોજના



। ભરૂચ, તા.૧૭ ।

પોતાનું પાકું મકાન હોય, પોષણક્ષમ આહાર મળી રહે તેવું દરેક વ્યક્તિનું સ્વપ્ન હોય છે. કેન્દ્ર સરકારના માર્ગદર્શન હેઠળ કાર્યરત પ્રધાનમંત્રી આવાસ યોજના- ગ્રામીણ ગ્રામ્ય વિસ્તારોના આર્થિક રીતે નબળા વર્ગના વ્યક્તિઓના પાકા મકાનના સ્વપ્નને વાસ્તવિકતામાં સાકાર કરવામાં અનેરી ભૂમિકા ભજવી છે.

સરકારશ્રી દ્વારા જનહિતલક્ષી યોજનાઓનો લાભ દેશમાં છેવાડાના વિસ્તારમાં રહેતા નાગરીકને પણ મળી રહે તે ઉદ્દેશ્યથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વિકસિત ભારત સંકલ્પ યાત્રા શરૂ કરવામાં આવી છે. ભરૂચ જિલ્લામાં હાંસોટ તાલુકાના બોલાવ ગામમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાના ભાગરૂપે વિવિધ યોજનાઓના લાભાર્થીઓને મંજુરીપત્રો અર્પણ કરવામાં આવ્યા હતા. બોલાવ ગામના લાભાર્થી શ્રીમતી સુમનબેન વસાવાને પ્રધાનમંત્રી આવાસ યોજના- ગ્રામીણનો લાભ મળ્યો છે. લાભાર્થી શ્રીમતી સુમનબેન વસાવાએ જણાવ્યું હતું કે, ''અમારો પરિવાર આ પૂર્વે કાચા મકાનમાં રહેતો હતો. કાચા મકાનને કારણે વરસાદમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. વારંવાર જુના મકાનમાં રીપેરીંગ ખર્ચ આવતો હતો. જેથી મારા બાળકો સરખી રીતે અભ્યાસમાં ધ્યાન આપી શકતા ના હતા. તાલુકા પંચાયતમાં જઈને પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ વિષે જાણકારી મેળવીને યોજનાનો લાભ મેળવવા માટે અરજી કરી હતી. જે અંતર્ગત મને રૂ.૧,૪૦,૦૦૦ ની સહાય પ્રાપ્ત થઈ છે. જેથી અમે અમારું પાકું મકાન બનાવી શક્યા છીએ. હું મારા પરિવાર સાથે અત્યારે નવા પાકા મકાનમાં રહું છું અને પોતાનું પાકું ઘર જોઈને ખૂબ જ હર્ષની લાગણી અનુભવું છું. અમને અમારું પોતાનું નવું મકાન પ્રાપ્ત થયું છે, તે બદલ હું અને મારો પરિવાર સરકારશ્રીનો ખૂબ-ખૂબ આભાર વ્યક્ત કરીએ છીએ..''

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારા મિત્રો અથવા પરિવારના સભ્યો સાથેની મજા માટેની ટ્રીપ તમને નિરાંતવા બનાવશે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. ફૅશન તમારા જીવનમાં ભવ્ય લય છે અને સમર્પણનું મૂલ્ય તથા દિલમાં પ્રેમ અને કૃતજ્ઞતાપૂર્વક સીધા ચાલવાની કળા શીખો. આ બાબત તમારૂં પારિવારિક જીવન વધુ અર્થપૂર્ણ બનાવશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. એક યા બીજી જગ્યાએથી તમને આર્થિક લાભ મળી રહેશે. તમે જો તમારા ભાગીદારોના મતને નજરઅંદાજ કરશો તો તેઓ ધીરજ ખોઈ બેસશે. કોઈક રસપ્રદ વ્યક્તિને મળવાની શક્યતા છે. આજે, તમે કોઈ પણ મંદિર, ગુરુદ્વારા અથવા કોઈપણ ધાર્મિક સ્થળે બિનજરૂરી મુશ્કેલીઓ થી દૂર તમારો મફત સમય વિતાવી શકો છો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે ભાર તથા કોલેસ્ટ્રોલનું ઉચ્ચ પ્રમાણ ધરાવતો ખોરાક ટાળો. જે લોકોએ કોઈ સંબંધી જોડે પૈસા ઉધાર લીધેલા તેમને કોઈપણ હાલત માં આજે પૈસા પાછા આપવા પડી શકે છે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. રૉમાન્સ માટે સારો દિવસ. તાણભર્યો દિવસ જ્યારે તમારા નિકટના સાથીદારો સાથે અનેક મતભેદો ઊભા થઈ શકે છે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારા નકારાત્મક વિચારો માનસિક બીમારીનું સ્વરૂપ લઈ લે તે પૂર્વે જ તમારે તેમનો નાશ કરવો જોઈએ. તમને સંપૂર્ણ માનસિક સંતોષ આપે એવી કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઈને તમે તેમનાથી મુક્તિ પામી શકો છો. કમિશન,ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે કોઈક આજે તમારો મૂડ બગાડી શકે છે પણ તેને લગતી હતાશાને તમારા પર સવાર થવા ન દો. આ વ્યર્થ ચિંતા તથા બેચેની તમારા શરીર પર વિપરિત અસર કરી તમને ત્વચાને લગતી તકલીફ આપી શકે છે. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ બેચેની લાવી શકે છે. આજે તમારી સામે અનેક આર્થિક યોજનાએ રજૂ કરવામાં આવશે-કોઈપણ નિર્ણય લેતા પહેલા તમામ સારાં નરસાં પાસાંને તકેદારીપૂર્વક ચકાસજો. તમારા નિર્ણયો બાળકો પર થોપવાથી તેઓ નારાજ થશે. એના કરતાં તેમને સમજાવો જેથી જેઓ સમજપૂર્વક તેનો સ્વીકાર કરે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે અન્યોની ટીકા કરવાની તમારી ટેવને કારણે તમારે ટીકાનો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. વિવિધ સ્થળેથી આર્થિક લાભ મળી રહેશે. કોઈક અંગત સમસ્યા સૂલઝાવવામાં તમારી મદદની અપેક્ષા રાખતા કોઈક વૃદ્ધ સંબંધી તરફથી આશીર્વાદ મળશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે ખાતી-પીતી વખતે ચેતતા રહેજો. બેદરકારી તમને બીમાર પાડી શકે છે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો? ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? પારિવારિક રહસ્યના સમાચાર તમને આશ્ચર્યચકિત કરશે. આજે તમે કુદરતી સૌદર્ય દ્વારા અંજાઈ જાવ એવી શક્યતા છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારી ઘટેલી જીવનશક્તિ સિસ્ટમમાંના ધીમા ઝેરની જેમ કામ કરશે. તમારી જાતને કોઈક રચનાત્મક કામમાં વ્યસ્ત રાખવી તથા બીમારી સામે લડવા માટે પ્રેરણા આપવાનું ચાલુ રાખવું જોઈએ. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાનથી સાંભળવા ની જરૂર છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે આજે તમે ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. આજે કોઈ લેણદાર તમારા ઘરે આવી શકે છે અને તે તમારા થી પૈસા ઉધાર માંગી શકે છે. તેને પૈસા આપી તમે આર્થિક તંગી માં આવી શકો છો. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર લેવા થી બચો. તમારા માતા-પિતા સાથે તમારી ખુશી વહેંચો. તેમની એકલાપણા તથા હતાશાની લાગણીને ફૂંસી નાખી તેમને લાગવા દો કે તેમનું મહત્વ છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે આજે તમારી પાસે સારો એઅવો સમય હશે આથી,તમારા સારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. તમારા પ્રિયપાત્ર સાથે પિકનિક પર જઈ તમારી અમૂલ્ય ક્ષણોને ફરીથી જીવો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. તમે સામજિક કાર્યક્રમ તથા મેળાવડાઓમાં સહભાગી થશો તો તમે તમારા મિત્રો તથા પરિચિતોની સંખ્યા વધારી શકશો.

### વિદેશમંત્રી જયશંકરને મદદ માટે વિનંતી કરાઈ

# ગુરશમન સિંહ ભાટિયા નામનો સ્ટુડન્ટ પૂર્વ લંડનમાંથી ગુમ થયો

### આ શીખ સ્ટુડન્ટ લોફબોરો યુનિવર્સિટીમાં અભ્યાસ કરતો હતો : બે વર્ષની રેસિડન્ટ પરમિટ પર અહીં આવ્યો હતો

। નવી દિલ્હી, તા.૧૭ ।

ભારતનો એક શીખ વિદ્યાર્થી તાજેતરમાં યુકેમાં લાપતા થઈ ગયો છે અને તેનો કોઈ પતો મળતો નથી. તેના કારણે આ વિદ્યાર્થીના હેરાન પરેશાન થઈ ગયેલા પરિવારે વિદેશમંત્રી એસ જયશંકરની મદદ માંગી છે. ગુરશમન સિંહ ભાટિયા નામનો સ્ટુડન્ટ ૧૫ ડિસેમ્બરે પૂર્વ લંડનમાંથી ગુમ થઈ ગયો છે અને તેનો કોઈ અતોપતો મળ્યો નથી. આ સ્ટુડન્ટ લોફબોરો યુનિવર્સિટીમાં અભ્યાસ કરતો હતો. ભાજપના દિલ્હી સ્થિત નેતા મનજિંદર સિંહ સિરસાએ આ મુદ્દે સોશિયલ મીડિયા પર કોમેન્ટ કરીને જણાવ્યું છે કે શીખ યુવાનને શોધવા માટે પ્રયત્નો ચાલે છે અને વિદેશમંત્રી એસ. જયશંકરની પણ મદદ માંગવામાં આવી છે. આ ઉપરાંત લોફબોરો યુનિવર્સિટી અને ભારતીય હાઈ કમિશનને પણ આ વિશે




અરજી કરવામાં આવી છે કે આ સ્ટુડન્ટને શોધવામાં મદદ કરવામાં આવે. છેલ્લે આ વિદ્યાર્થી પૂર્વ લંડનના કેનારી વ્હાર્ફમાં જોવામાં આવ્યો હતો. આ સ્ટુડન્ટ બે વર્ષની રેસિડન્ટ પરમિટ પર અહીં આવ્યો હતો અને બીજી જૂન ૨૦૨૪ના તેની ટર્મ પૂરી થવાની હતી. પરંતુ આ અગાઉ જ તે ગુમ થઈ ગયો છે. ગુરશમન સિંહ ભાટિયા જે લોફબોરો યુનિવર્સિટીમાં ભણતો હતો તે યુકેમાં લેસ્ટરશાયરમાં આવેલી છે અને અહીં દુનિયાભરના ૧૮૦૦૦ સ્ટુડન્ટ અભ્યાસ કરે છે. ભાજપના નેતા મનજિંદર સિંહ સિરસાએ ગુમ થયેલા ભારતીય વિદ્યાર્થીની રેસિડન્સ પરમિટ અને કોલેજના આઈટેન્ટિફિકેશન કાર્ડનો ફોટો પણ મૂક્યો છે. તેમણે જણાવ્યું કે એક ભારતીય વિદ્યાર્થી ગુમ હોવાના અહેવાલ મળ્યા છે અને કોઈ પાસે તેની માહિતી હોય તો બે અલગ અલગ નંબર પર કોલ કરી શકે છે. ભારતના વિદ્યાર્થી સાથે યુકેમાં ખરાબ ઘટના બની હોય તેવું તાજેતરમાં આ બીજી વખત થયું છે. થોડા સમય અગાઉ નવેમ્બર મહિનામાં ૨૩ વર્ષીય એક ભારતીય સ્ટુડન્ટ મિત કુમાર પટેલનો મૃતદેહ લંડનની થેમ્સ નદીમાંથી મળી આવ્યો હતો. મિતકુમાર સપ્ટેમ્બરમાં હાયર એજ્યુકેશન માટે યુકે આવ્યો હતો અને ૧૭ નવેમ્બરથી ગુમ થઈ ગયો હતો. મિત કુમારના મોત પાછળ કોઈ શંકાસ્પદ કારણો નથી જણાતા તેમ લંડન પોલીસે જણાવ્યું હતું. મિત કુમાર પટેલ એક ખેડૂત પરિવારનો દીકરો હતો અને શેફિલ્ડ હાલમ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતો હતો. તે એક નોકરીની શોધમાં હતો અને ત્યાર પછી અચાનક ગુમ થઈ ગયો હતો. મિત કુમાર કેટલાક દિવસથી નિરાશ હતો અને તેને આત્મહત્યા કરવાના વિચારો આવતા હતા. મૃત્યુના થોડા દિવસો અગાઉ તેણે પોતાના સંબંધીને એક વોઈસ મેસેજ મોકલ્યો હતો જેમાં તે પોતાનું જીવન ટૂંકાવવા માંગે છે તેવા અણસાર આપ્યા હતા. આ ઘટના હજુ તાજી છે ત્યાં વધુ એક ભારતીય યુવાન યુકેમાંથી ગુમ થયો છે.

### ૧૩ ડિસેમ્બરે સંસદની સુરક્ષામાં ચૂકના મુદ્દે રાજકીય ઘમાસાણ

# સુરક્ષા ભંગ માટે બેકારી, મોંઘવારી અને મોદી નીતિ જવાબદાર : રાહુલ

### રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે, વડાપ્રધાન મોદીની નીતિઓને કારણે ભારતના યુવાનોને રોજગાર નથી મળી

। નવી દિલ્હી, તા.૧૭ ।

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ બુધવારે (૧૩ ડિસેમ્બર) સંસદની સુરક્ષામાં થયેલા ભંગ અંગે પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, આજે સૌથી મોટો મુદ્દો બેરોજગારીનો છે, સમગ્ર દેશમાં તેના પર હોબાળો છે. સંસદની સુરક્ષામાં ખામી પર કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ શનિવારે (૧૬ ડિસેમ્બર) કહ્યું કે, તેની પાછળના કારણો બેરોજગારી અને મોંઘવારી છે. તેણે કહ્યું, ‘‘સુરક્ષામાં ખામી રહી છે, પરંતુ આવું કેમ થયું? સૌથી મોટો મુદ્દો બેરોજગારીનો છે, જેના પર સમગ્ર દેશમાં અશાંતિ છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નીતિઓને કારણે ભારતના યુવાનોને રોજગાર નથી મળી રહ્યો. બુધવારે (૧૩ ડિસેમ્બર) સંસદ પર ૨૦૦૧ના આતંકવાદી હુમલાની વર્ષગાંઠના દિવસે સુરક્ષામાં મોટો ભંગ થયો હતો. લોકસભાની કાર્યવાહી દરમિયાન બપોરે લગભગ ૧ વાગે બે લોકો પ્રેક્ષક ગેલેરીમાંથી ગૃહની અંદર ઘૂસી ગયા હતા.આ પછી તેમણે



સ્પ્રે ગેસના ડબ્બામાંથી પીળો ધુમાડો સ્પ્રે કરીને ઉડાવ્યો હતો. ઘટના બાદ તરત જ બંને ઝડપાઈ ગયા હતા. તે જ સમયે, અન્ય બે લોકોએ સંસદ ભવન બહાર પણ પ્રદર્શન કર્યું હતું. લોકસભામાં ઝંપલાવનાર બે લોકોની ઓળખ સાગર શર્મા અને મનોરંજન ડી તરીકે થઈ છે. ગૃહની બહાર રહેલા બે લોકોની ઓળખ હરિયાણાના જીંદ જિલ્લાના ગામ ઘાસો ખુર્દની રહેવાસી નીલમ (૪૨) અને લાતુર (મહારાષ્ટ્ર)ના રહેવાસી અમોલ શિંદે (૨૫) તરીકે થઈ છે.આ સિવાય આ બધા પાછળનો માસ્ટર માઈન્ડ મનાતા લલિત ઝાની પણ પોલીસે ધરપકડ કરી છે.

### દિગ્ગજ ઉદ્યોગપતિને સાયરસ મિસ્ત્રીની જેમ મારવાની ધમકી

# ઉદ્યોગપતિ રતન ટાટાને મારી નાખવાની ધમકી આપનારો ઝડપાયો

### અનામી કોલર સ્કિઝોફ્રેનિયાથી પીડિત છે, કોલરે પોલીસને ઉદ્યોગપતિ રતન ટાટાની સુરક્ષા વધારવા માટે કહ્યું હતું

। મુંબઈ, તા.૧૭ ।

દેશના દિગ્ગજ ઉદ્યોગપતિ અને ટાટા ગ્રુપના ચેરમેન રતન ટાટાને જાનથી મારી નાખવની ધમકી આપનારા વ્યક્તિને મુંબઈ પોલીસે ઝડપી પાડ્યો છે. પોલીસે જણાવ્યું કે, તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, અનામી કોલર સ્કિઝોફ્રેનિયાથી પીડિત છે.

મુંબઈ પોલીસના એક અધિકારીએ જણાવ્યું કે, કોલરે પોલીસને રતન ટાટાની સુરક્ષા વધારવા માટે કહ્યું હતું અને એવું ન કરવા પર ચેતવણી આપી કે, ઉદ્યોગ જગતના આ દિગ્ગજના હાલ ટાટા સન્સના પૂર્વ ચેરમેન સાયરસ મિસ્ત્રીના જેવા જ થશે.

સાયરસ મિસ્ત્રીનું ૪ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ એક કાર અકસ્માતમાં મૃત્યુ થઈ ગયુ હતું. કોલ મળતાની સાથે જ મુંબઈ પોલીસ એલર્ટ મોડમાં આવી ગઈ. એક ખાસ ટીમને રતન ટાટાની અંગત સુરક્ષાની જવાબદારી સોંપવામાં આવી હતી જ્યારે બીજી ટીમને કોલ કરનાર વિશે માહિતી એકઠી કરવા માટે કહેવામાં આવ્યું હતું. પોલીસે જણાવ્યું કે, તેમણે ટેક્નિકલ સપોર્ટ અને ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડરની મદદથી કોલરને શોધી કાઢ્યો છે.

પોલીસે જણાવ્યું કે, ધમકીભર્યો કોલ કરનારનું લોકેશન કર્ણાટકનું હતું. તે પૂણેનો રહેવાસી હતો. ઘટના બાદ પોલીસ પૂણે સ્થિત તેના ઘર પર પહોંચતા જ તેમને જાણવા મળ્યું કે, કોલર છેલ્લા પાંચ દિવસથી લાપતા હતો અને તેમની પત્નીએ શહેરના ભોસરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.



કોલ કરનાર આરોપીના પરિવારજનોની પૂછપરછ કરતા અધિકારીઓને જાણવા મળ્યું કે, તે સ્કિઝોફ્રેનિયાથી પીડિત છે અને જે ફોન પરથી તેણે ફોન કર્યો હતો તે જણાવ્યા વગર કોઈના ઘરમાંથી લઈ લીધો હતો. પૂછપરછ દરમિયાન તેમના પરિવારજનોએ જણાવ્યું કે, ફોન કરનાર વ્યક્તિએ ફાઈનાન્સમાં એમબીએકર્યું છે અને એન્જિનિયરિંગનો અભ્યાસ પણ કર્યો છે.

પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે, આરોપીએ મુંબઈ પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરીને રતન ટાટાને ધમકી આપી હતી. અધિકારીઓએ જણાવ્યું કે, ફોન કરનાર વ્યક્તિ સ્કિઝોફ્રેનિયાનો સામનો કરી રહ્યો છે એટલા માટે પોલીસે તેમના વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી ન કરવાનો નિર્ણય કર્યો છે.

### ભારતીય નૌસેનાનું બહાદૂરી ભર્યું પગલું

# નૌસેનાએ અરબ સાગરમાં જહાજને હાઈજેકનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો

। નવી દિલ્હી, તા.૧૭ ।

ભારતીય નેવીએ અરબ સાગરમાં એક માલવાહક જહાજને હાઈજેક કરવાના પ્રયાસને નિષ્ફળ કરી દીધો છે. હાલ નેવી આ જહાજ પર સતત નજર રાખી રહ્યું છે.

ભારતીય નેવીએ અરબ સાગરમાં એક મોટુ ઓપરેશન હાથ ધર્યું હતું જેમાં નેવીને છ અજ્ઞાત લોકોએ ૧૮ લોકો સાથેના માલ્ટાનો ધ્વજ લગાવેલા માલવાહક જહાજ પર કબ્જો કર્યાની જાણ થતા જ તંરત જ બચાવ અભિયાન શરુ કર્યું હતું. ભારતીય નૌસેનાએ કહ્યું કે માલ્ટા કાર્ગો જહાજ પર ૧૮ ક્રૂ મેમ્બર તૈનાત છે.

ક્રૂ મેમ્બરોએ ૧૪ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ યુકેએમટીઓપોર્ટલ પર એક સંદેશ મોકલ્યો હતો, જેમાં જણાવ્યું હતું કે છ અજાણ્યા લોકો જહાજની નજીક આવી રહ્યા છે. આ માહિતી પર તરત જ કાર્યવાહી કરતા નૌકાદળે માલ્ટા જહાજની મદદ માટે તેનું સર્વેલન્સ એરક્રાફ્ટ મોકલ્યું હતું.

### કેનેડામાં હમ્બોલ્ટ બ્રોંકોસમાં બસ એક્સિડન્ટના આરોપી

# ભારતીય મૂળના ટ્રક ડ્રાઈવર સિદ્ધૂને દેશનિકાલ થઈ શકે છે

### કેનેડામાં ૨૦૧૮માં બસ અને ટ્રક એક્સિડન્ટમાં ૧૬ના મોત થયા હતા અને ૧૩ અન્ય ઈજાગ્રસ્ત થયા હતા

। ટોરેન્ટો, તા.૧૭ ।

કેનેડામાં હમ્બોલ્ટ બ્રોંકોસમાં બસ એક્સિડન્ટના આરોપી ભારતીય મૂળના ટ્રક ડ્રાઈવર જસકીરત સિંહ સિદ્ધૂ ભારતમાં પોતાના નિર્વાસન વિરૂદ્ધ કેનેડામાં કેસ હારી ગયો છે. કોર્ટે ટ્રક ચાલક જસકીરતની અરજીને ખારીજ કરી દીધી અને તેને ગુરુવારે ખતરનાક ડ્રાઈવિંગના આરોપોમાં દોષી જાહેર કર્યો છે. આની સાથે જ સિદ્ધૂ કેનેડામાં રહેવાની પોતાની દાવેદારી પણ હારી ગયો છે. કેનેડામાં વર્ષ ૨૦૧૮માં થયેલા બસ અને ટ્ર્ક એક્સિડન્ટમાં ૧૬ લોકોના મોત થયા હતા અને ૧૩ અન્ય ઈજાગ્રસ્ત થયા હતા. કેનેડામાં સિદ્ધૂએ પોતાની ટ્રકથી હોકી ક્લબના ખેલાડીઓને લઈ જઈ રહેલી બસને જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માત ઘણો ગંભીર હતો અને જેની દેશ-વિદેશમાં ચર્ચા થઈ હતી. કારણ કે આ અકસ્માતમાં ૧૬ યુવા હોકી ખેલાડીઓના કરૂણ મોત નીપજ્યા હતાં. એટલું જ નહીં આ ગંભીર અકસ્માતમાં ત્યારપછી ૧૩ લોકોને ઈજા પણ પહોંચી હતી. આ મામલામાં કેનેડાની કોર્ટે જસકીરત સિદ્ધૂને ૮ વર્ષ જેલની સજા પણ ફટકારી દીધી હતી. જોકે આ વર્ષની શરૂઆતમાં સિદ્ધૂને પેરોલ મળ્યું હતું અને કેનેડા બોર્ડર સર્વિસિઝ એજન્સીએ પણ તેને કેનેડાથી દેશનિકાલની ચર્ચાઓ કરી હતી.

### વૃદ્ધ માતા-પિતાને બે કરોડ ચુકવવાનો આદેશ

# રિસોર્ટમાં ન્હાતી વખતે બે યુવાનોના ડુબી જવાથી મોત

### બે ભાઈ પૂણેના રિસોર્ટમાં ફરવા ગયા હતા : રિસોર્ટના તળાવમાં નહાતી વખતે બંને ડુબી ગયા હતા : કોઈ મદદે પણ ન આવ્યું

। પૂણે, તા.૧૭ ।

પૂણેના એક રિસોર્ટમાં ફરવા આવેલા બે યુવાન સગા ભાઈઓ સાથે ભયંકર દુર્ઘટના બની હતી જેમાં બંને યુવાનો રિસોર્ટના તળાવમાં ન્હાતી વખતે ડુબી ગયા હતા. તેના કારણે તેમના વૃદ્ધ માતાપિતા ભયંકર મુશ્કેલીમાં મૂકાઈ ગયા કારણ કે સંતાનો ગુમાવવાની સાથે તેમણે આવક પણ ગુમાવી હતી. કોચિનની ગ્રાહક અધિકાર પેનલે આ ઘટના માટે રિસોર્ટને જવાબદાર ગણીને યુવાનોના માતાપિતાને રૂપિયા ૧.૯૯ કરોડનું વળતર ચુકવવા આદેશ આપ્યો છે. ગ્રાહક પેનલે કહ્યું કે આ દુર્ઘટના માટે રિસોર્ટની લાપરવાહી જવાબદાર ગણાય કારણ કે રિસોર્ટના સંચાલકોએ સુરક્ષાની વ્યવસ્થા કરવાની જરૂર હતી.

આ કમનસીબ ઘટના ૨૫ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ પૂણેના એક રિસોર્ટમાં બની હતી. તે દિવસે ૩૦ વર્ષનો મિતેશ પ્રકાશ અને તેનો ૨૪ વર્ષનો નિધિન પ્રકાશ પૂણેના એક એગ્રો ટુરિઝમ રિસોર્ટમાં તળાવમાં નહાતી વખતે ડુબી ગયા હતા. બંને ભાઈઓ કરાંડી વેલી નામના એડવેન્ચર અને એગ્રો ટુરિઝમ રિસોર્ટમાં એક દિવસ અગાઉ જ આવ્યા હતા.

આ ઘટનાથી તેમના માતા પિતા પર આભ તૂટી પડ્યું હતું અને પોતાના સંતાનોના મોત માટે રિસોર્ટના સંચાલકોને જવાબદાર ગણીને ગ્રાહક કોર્ટમાં ગયા હતા. કોચિનની કન્ઝ્યુમર રાઈટ્સ પેનલે આ કેસમાં રિસોર્ટને જવાબદાર માની હતી અને બંને યુવાનોના માતાપિતાને કુલ ૧.૯૯ કરોડ રૂપિયાનું વળતર ચુકવવા આદેશ આપ્યો હતો.

હતભાગી યુવકોના માતાપિતાનો આરોપ હતો કે રિસોર્ટે પોતાની જાહેરખબરમાં જણાવ્યું હતું કે તેને ત્યાં સુરક્ષાની બધી વ્યવસ્થા છે અને એક ગાઈડ પણ આપવામાં આવે છે. પરંતુ જ્યારે અકસ્માત થયો ત્યારે ત્યાં આવી કોઈ સુવિધા ન હતી. સુરક્ષાની કોઈ પણ વ્યવસ્થા ન હોવા ઉપરાંત ત્યાં સાઈનબોર્ડ પણ ન હતા, સીસીટીવી પણ કામ કરતા ન હતા. તેથી રિસોર્ટની બેજવાબદારીના કારણે આ ઘટના બની હતી તેવી દલીલ કરવામાં આવી હતી.

**વિશેષ** | અમદાવાદ શહેરના તમામ પોલીસ મથકો ખાતે કાર્યરત ‘મહિલા હેલ્પ ડેસ્ક’ મહિલાઓ માટે બની રહ્યું છે નવજીવનનું નિમિત્ત

# અમદાવાદમાં નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ મંત્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં ‘રુફટોપ સોલાર’ વિષય પર બે દિવસીય નેશનલ કોક્લેવનો પ્રારંભ

આગામી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ - ૨૦૨૪ના ભાગરૂપે અમદાવાદમાં ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ ન્યુ એન્ડ રિન્યુએબલ એનર્જી (એમએનઆરઈ) તથા રાજ્યના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા રુફટોપ સોલાર વિષય પર આયોજીત બે દિવસીય નેશનલ કોક્લેવનો નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં પ્રારંભ થયો છે.

આ અવસરે મીડિયાને સંબોધતા નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ કહ્યું કે, ગુજરાત રાજ્ય રુફટોપ સોલારમાં સમગ્ર દેશમાં અગ્રેસર છે અને રાજ્ય દ્વારા અમલમા મુકાયેલા શ્રેષ્ઠ પ્રયાસોને અન્ય રાજ્યોને પણ જાણવા મળે તે માટે એમએનઆરઈ અને જીયુવીએનએલ દ્વારા આ કોક્લેવનું આયોજન કરવામાં આવ્યું છે.

મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ કહ્યું કે, ગુજરાત રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના સક્ષમ નેતૃત્વ હેઠળ ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં ૨૪ કલાક થ્રી ફેઝ વીજ પુરવઠો આપવાનું વિઝન હતું અને એ ૧૮ વર્ષ પહેલા જ્યોતિ ગ્રામ યોજના (ત્નય્રૂ) હેઠળ અમલમાં મૂકવામાં આવી, ગ્રામીણ વિસ્તારોમાં ૨૪ કલાક વીજ પુરવઠો આપનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે. આ સંદર્ભમાં તેમણે વધુમાં




કહ્યું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવાનું વિઝન ધરાવતા હતા. આ સાથે ૨૦૧૦માં સૌર નીતિને જાહેર કરનારું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય હતું. છેલ્લા ૨૦ વર્ષમાં ગુજરાતની રિન્યુએબલ ક્ષમતા ૨૨.૫ ગીગાવોટ જેટલી વધી છે. હાલમાં, ભારતની રીનેબલ એનર્જી બાસ્કેટમાં ગુજરાતનો ફાળો લગભગ ૧૫ % છે. રાજ્ય રિન્યુએબલ ઊર્જાના વિકાસને આગળ વધારીને તેના ટકાઉ વિકાસના લક્ષ્યોને પૂર્ણ કરવાનો ઈરાદો ધરાવે છે જે તેને ઊર્જાના મુખ્ય પ્રવાહના સ્રોત તરીકે સ્થાન આપશે તેમજ ભારતની વૈશ્વિક પ્રતિબદ્ધતાના ભાગરૂપે ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગીગાવોટના રાષ્ટ્રીય રિન્યુએબલ ઊર્જાના લક્ષ્યમાં નોંધપાત્ર યોગદાન આપશે. ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગીગાવોટનું લક્ષ્ય હાંસલ કરવાના વડાપ્રધાનના આહવાન અને ગુજરાત સરકારની પ્રબળ ઈચ્છા શક્તિને અનુરૂપ રહેણાંક યોજના માટેની સોલાર રૂફટોપ સિસ્ટમની ૧૯૫૭ મેગાવોટની સ્થાપિત ક્ષમતા ધરાવતું ગુજરાત સમગ્ર દેશની ક્ષમતાના ૮૨ % ક્ષમતા સાથે દેશભરમાં પ્રથમ નંબરે છે. ગુજરાતમાં સોલાર રૂફટોપની અરજીના રજિસ્ટ્રેશનથી લઈ સબસીડી આપવા સુધીની પ્રક્રિયા સરળ બને તે માટે સોલાર રૂફટોપ પોર્ટલ બનાવેલ છે એમ તેમણે વધુમાં ઉમેર્યુ હતું. ગુજરાતના રેસિડેન્શિયલ સોલાર રૂફટોપ અંગે વાત કરતા મંત્રી શ્રી એ કહ્યું કે, ગુજરાતનાં આશરે ૫ લાખ વીજ ગ્રાહકોએ ૨૦૧૯થી નવેમ્બર-૨૦૨૩ સુધીમાં રેસિડેન્શિયલ સોલાર રૂફટોપ થકી ૪૯૦૦ મિલિયન યુનિટ્સ (સ્ંજ) ઉત્પન્ન કરેલ છે અને સ્વ-વપરાશના વીજબીલમાં રૂ. ૨૦૦૦ કરોડ ઉપરાંતની વીજ બચત કરી છે અને વધારાની વીજ ઉત્પાદન વીજ કંપનીને આપીને રૂ. ૩૦૦ કરોડની કમાણી કરી છે.

તેમણે વધુમાં ઉમેર્યું કે, રાજ્ય વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧૦૦ ગીગા વોટ કરતાં વધુ ક્ષમતા ધરાવવાની નવીની કરણીય યોજના ધરાવે છે. તાજેતરમાં રાજ્યએ સંકલિત રિન્યુએબલ એનર્જી નીતિ ઘડી છે. આ પોલિસીમાં અમે ગુજરાતની બહાર વીજળીની નિકાસ માટે કોઈપણ ચાર્જ વગર પરવાનગી આપી છે. આ સાથે ભારતના ૨૦૭૦ સુધીમાં ‘‘જીરો કાર્બન’’ના આયોજનમાં ઘણા આગળ વધ્યા છીએ અને ગુજરાત ૨૦૪૭ સુધીમાં જીરો કાર્બન થઈ જાય તેવું આયોજન છે. કોવિડ-૧૯ બાદ રાજ્યની મહત્તમ વીજ માંગમાં ૧૮૪૦૦ મેગાવોટ (૨૦૧૯) થી ૨૪૫૦૦ મેગાવોટ (૨૦૨૩) સુધીનો ૩૦ ટકાથી વધુનો વધારો નોધાયો છે. કેન્દ્રીય ગૃહ, ઊર્જા, કોલસા અને રેલ્વે મંત્રીના સહકારને કારણે, ગુજરાતે સફળતાપૂર્વક વધેલી વીજ માંગ પૂરી કરી છે અને સતત વીજ પુરવઠો પૂરો પાડ્યો છે. ૨૦૩૦ સુધીમાં રાજ્ય માટે આશરે ૮,૦૦૦ મેગાવોટ/૪૦,૦૦૦ મિલિયન યુનિટ્સ એનેર્જી સ્ટોરેજનો જરૂરિયાતનો અંદાજ મૂક્યો છે. તેને ધ્યાનમાં લેતા અમે પમ્પ્ડ સ્ટોરેજ હાઈડ્રો પ્રોજેક્ટ માટે પણ આયોજન કરી રહ્યા છીએ એમ તેમણે જણાવ્યું હતું કચ્છના ખાવડા પ્લાન્ટ અંગે વાત કરતા શ્રી કનુભાઈ દેસાઈએ કહ્યું કે, કચ્છ જિલ્લાના ખાવડા ખાતે ૩૦ ગીગાવોટ નો વિન્ડ-સોલર હાઈબ્રિડ પાર્ક બનવા જઈ રહ્યો છે. આ સાથે ગુજરાત ૨૦૩૦ સુધીમાં ૨ ગીગાવોટ ઓફશોર પાવર મેળવવાનું આયોજન કરી રહ્યું છે. સોલાર સિટી એવા મોઢેરા નગરને ‘‘આત્મનિર્ભર’’ અને ‘‘સ્માર્ટ વિલેજ’’ બનાવનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે જે પ્રદૂષણ મુક્ત અને સ્વચ્છ ઊર્જા મેળવે છે એમ તેમણે વધુમાં ઉમેર્યુ હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતની રેસિડેન્શિયલ સોલાર રૂફટોપ માટેની ‘‘સૂર્ય ગુજરાત’’ યોજનાની સોસીયો ઈકોનોમિક ઈમ્પેક્ટ (સામાજિક અને આર્થિક અસરો) માટે એમએસ યુનિવર્સિટી વડોદરા દ્વારા સર્વે કરવામાં આવ્યો હતો, જે સર્વેના અહેવાલને પણ આજના કોંકલેવમાં જાહેર કરવામાં આવ્યા હતા.

આ અહેવાલનો નિષ્કર્ષ બતાવે છે કે ગુજરાતના વીજ ગ્રાહકો કે જેમણે સોલાર રૂફટોપ લગાવી છે તેઓ ઘણા ખુશ છે અને તેઓએ સોલાર રૂફટોપ લગાવવા માટે જે ‘‘સૂર્ય-ગુજરાત પોર્ટલ’’ વિકસાવેલ છે તેને વખાણેલ છે અને ૯૦ ટકા લોકોએ ૫ માંથી ૪ સ્ટાર આપેલ છે.

### સિન્થેટિક કલર શરીર માટે ખૂબ જ ઘાતક છે

# રાજકોટની ભારત બેકરીમાં ખાદ્ય ચીજ-વસ્તુઓમાં ફરી ભેળસેળ સામે આવી



। રાજકોટ, તા.૧૭ ।

રાજકોટમાં અગાઉ પણ ખાદ્ય પદાર્થોમાં ભેળસેળને લઈને ભારત બેકરી વિવાદમાં આવેલી છે. આરોગ્ય વિભાગે ભારત બેકરીમાંથી લીધેલા ટોસ્ટના નમૂના ફેલ થયા છે.

ભારત બેકરીના ટોસ્ટમાંથી સેકરીન તેમજ સિન્થેટિક કલરની ભેળસેળ મળી આવી છે.રાજકોટમાં દૂધ, ઘી, પનીર, જીરું સહિતની વસ્તુઓમાં નકલીની ભરમાર સામે આવ્યા બાદ હવે ટોસ્ટમાં પણ ભેળસેળ કરી લોકોના આરોગ્ય સાથે ચેડાં કરાઈ રહ્યા છે.રાજકોટમાં અગાઉ પણ ખાદ્ય પદાર્થોમાં ભેળસેળને લઈને ભારત બેકરી વિવાદમાં આવેલી છે. આરોગ્ય વિભાગે ભારત બેકરીમાંથી લીધેલા ટોસ્ટના નમૂના ફેલ થયા છે.ભારત બેકરીના ટોસ્ટમાંથી સેકરીન તેમજ સિન્થેટિક કલરની ભેળસેળ મળી આવી છે. મનપાના ફૂડ વિભાગ દ્વારા ઑગસ્ટ મહિનામાં સેમ્પલ લેવામાં આવ્યા હતા. જેનો ૪ મહિના બાદ રિપોર્ટ આવ્યો છે.૧૯ ઓગસ્ટના રોજ ટોસ્ટ ઉપરાંત બ્રાઉન બ્રેડના સેમ્પલ પણ લેવાયા હતા.સાથે જ કેકમાં પણ ઈંડાનો ઉપયોગ કરાતો હોવાની શંકાના આધારે કેકના નમૂના પણ લેવાયા હતા.જો કે હાલ માત્ર ટોસ્ટનો રિપોર્ટ જ આવ્યો છે અને તેમાં ભેળસેળ સામે આવી છે. મહત્વનું છે કે સિન્થેટિક કલર શરીર માટે ખૂબ જ ઘાતક છે.

### ૪૩૬૪ લોકો સહભાગી થયા, ૨૪૭૫ લોકોએ આરોગ્ય મેળાનો લાભ લીધો

# મેયરશ્રી, સાંસદશ્રીઓ અને ધારાસભ્યોની ઉપસ્થિતિમાં મ્યુનિ. કોર્પોરેશનના ગોતા વોર્ડમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમો યોજાયા



। અમદાવાદ, તા.૧૭ ।

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન વિસ્તારના ગોતા વોર્ડમાં એ.એમ.સી. ગાર્ડન ખાતે બપોર બાદ વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મેયરશ્રી પ્રતિભાબેન જૈન, સંસદસભ્યશ્રી ડૉ. કિરીટભાઈ સોલંકી અને હસમુખભાઈ પટેલ, ધારાસભ્ય સર્વેશ્રી દિનેશભાઈ કુશવાહ, ડૉ. પાયલબેન કુકરાણી સહિત કાઉન્સીલરશ્રીઓ, વિવિધ કમિટીઓના ચેરમેન, ડે. મ્યુનિસિપલ કમિશનરશ્રી (ઉત્તર પશ્ચિમ ઝોન), અ.મ્યુ.કો.ના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગોતા વોર્ડના ચાણક્યપુરી ખાતે સવારે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો હતો, જેમાં સંસદસભ્યશ્રી (રાજ્યસભા) નરહરિ અમીન, ધારાસભ્યશ્રી ડૉ. હર્ષદભાઈ પટેલ, વિવિધ કમિટીના ચેરમેનશ્રીઓ, કાઉન્સીલરશ્રીઓ, ડે. મ્યુનિસિપલ કમિશનરશ્રી(ઉત્તર પશ્ચિમ ઝોન) તેમજ અ.મ્યુ.કો.ના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

કાર્યક્રમમાં માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો સંદેશ વર્ચ્યુઅલ માધ્યમથી પ્રસારિત કરવામાં આવ્યો હતો. વિકસિત ભારત રથનું ઉપસ્થિત મહાનુભાવો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ગોતા વોર્ડમાં યોજાયેલા કાર્યક્રમોમાં લગભગ ૪૩૬૪ જેટલા નગરજનોએ ભાગ લીધો હતો. ૨૪૭૫ લોકોએ આરોગ્ય કેમ્પમાં આરોગ્ય તપાસનો લાભ લીધો હતો. વિવિધ યોજનાઓના લાભાર્થીઓ દ્વારા તેમને મેળવેલ યોજનાઓના લાભ વિશેના તેમના અનુભવો 'મેરી કહાની મેરી જુબાની' દ્વારા જણાવાઈ હતી.

કાર્યક્રમોમાં ૧૫૧૮ લોકોને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, ૫૨૩ લોકોને પીએમ સ્વનિધિ યોજના, ૧૮૫ લોકોને ઉજ્જવલા યોજના,૧૧૯ લોકોને પીએમ જન ઔષધી પરિયોજના, ૪૫ લોકોને પીએમ વિશ્વકર્મા, ૩૦ લોકોને પીએમ મુદ્રા લોન, ૩૨૧ લોકોને આધાર કાર્ડના લાભો/માહિતી પૂરી પાડવામાં આવી હતી. ખેલો ઈન્ડિયા અંતર્ગત ૭૯ ખેલાડીઓના રજીસ્ટ્રેશન કરવામાં આવ્યા હતા.

### રાજકોટ માર્કેટીંગ યાર્ડનો ખેડૂતો માટે નિર્ણય

# ડુંગળી વેંચવા યાર્ડમાં દરરોજ ૧૦૦ ગાડીને એન્ટ્રી અપાશે

### આ નિર્ણયથી શહેરમાં પૂરતો માલ મળી રહેશે અને ખેડૂતોને પણ ભાવ મળશે



। રાજકોટ, તા.૧૭ ।

ડુંગળીની નિકાસબંધીને કારણે ખેડૂતોને ભાવ ન મળતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે. આ બધાની વચ્ચે રાજકોટ માર્કેટીંગ યાર્ડનો ખેડૂતો માટે મોટો નિર્ણય કર્યો છે. વિગતો મુજબ હવે ડુંગળી વેંચવા યાર્ડમાં દરરોજ ૧૦૦ ગાડીને એન્ટ્રી અપાશે. મહત્વનું છે કે, આ નિર્ણયથી શહેરમાં પૂરતો માલ મળી રહેશે અને ખેડૂતોને પણ ભાવ મળશે.રાજકોટમાં ડુંગળીની આવકને લઈ માર્કેટિંગ યાર્ડ દ્વારા મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. ખેડૂતોને ડુંગળીના પૂરતા ભાવ મળે તે હેતુથી આ નિર્ણય લેવાયો છે. જેથી હવે ડુંગળી વેંચવા યાર્ડમાં દરરોજ ૧૦૦ ગાડીને એન્ટ્રી અપાશે. નોંધનિય છે કે, ડુંગળીની નિકાસબંધીને કારણે ખેડૂતોને ભાવ ન મળતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે. આ તરફ ગોંડલ માર્કેટયાર્ડમાં સતત બીજા દિવસે ડુંગળીના ભાવ મુદ્દે ખેડૂતોએ વિરોધ કર્યો હતો. જેને લઈ યાર્ડમાં ખેડૂતોએ ડુંગળીની હરાજી બંધ કરાવી હતી. આ તરફ જૂનાગઢના વિસાવદરમાં ડુંગળની સારા ભાવ ન મળતા ખેડૂતોએ વિરોધ કર્યો હતો. આ સાથે હવે દેશમાંથી ડુંગળીની નિકાસ માટે પ્રતિબંધ મુકાતાં ખેડૂતો અને ગ્રાહકો પરેશાન બન્યા છે. જેને લઈ હવે ખેડૂતોને પોષણક્ષમ ભાવ ન મળવા સામે ઉંચા ભાવે ડુંગળી ખરીદવા ગ્રાહકો મજબુર બન્યા છે.

# ઉપલેટામાં ડુંગળી પકવતા ખેડૂતોએ રેલી કાઢીને વિરોધ નોંધાવ્યો

। રાજકોટ, તા.૧૭ ।

રાજકોટના ઉપલેટામાં ડુંગળી પકવતા ખેડૂતોએ રેલી કાઢીને વિરોધ નોંધાવ્યો છે.ખેડૂતોએ સૂત્રોચ્ચાર કરીને ડુંગળીની નિકાસબંધી હટાવવા માગણી કરી છે. આ સાથે જ ખેડૂતોએ અનોખો વિરોધ કરતા ઉપલેટા શહેરમાં ડુંગળીનું મફત વિતરણ કર્યું. રસ્તાઓ પર ડુંગળી ફેંકી છે. ડુંગળીની નિકાસબંધીના કારણે એકદમ ડુંગળીના ભાવ ગગડી ગયા બાદ ખેડૂતો આકરા પાણીએ જોવા મળી રહ્યા છે. રાજકોટના ઉપલેટામાં ડુંગળી પકવતા ખેડૂતોએ રેલી કાઢીને વિરોધ નોંધાવ્યો છે. ખેડૂતોએ સૂત્રોચ્ચાર કરીને ડુંગળીની નિકાસબંધી હટાવવા માગણી કરી છે.આ સાથે જ ખેડૂતોએ અનોખો વિરોધ કરતા ઉપલેટા શહેરમાં ડુંગળીનું મફત વિતરણ કર્યું. રસ્તાઓ પર ડુંગળી ફેંકી છે. તો ખેડૂત આગેવાનોનું કહેવું છે કે નિકાસબંધીના કારણે ખેડૂતોને પાયમાલ થવાનો વારો આવ્યો છે.

### શિરડી સાંઈ દર્શન માટે જવું વધુ સરળ બનશે

# બીલીમોરા-વઘઈ નેરોગેજ રેલવે લાઈન બ્રોડગેડમાં રૂપાંતરિત

### બોડગેજમાં રૂપાંતરિત કરીને વથઈથી સાપુતારાથી શિરડી નજીકના મનમાડ સુધી નવી રેલવે લાઈન નાંખવા પ્રયાસ કરાઈ રહ્યા છે



। ડાંગ , તા.૧૭ ।

બીલીમોરા-વઘઈ નેરોગેજ રેલવે લાઈનને બ્રોડગેડમાં રૂપાંતરિત કરવા સાથે સાપુતારા થઈ શિરડીના મનમાડ સુધી નવી રેલવે લાઈન માટે સર્વે કરવામાં આવ્યો છે. રેલવેના અધિકારીઓએ સર્વેનો ડિટેઈલ રિપોર્ટ રેલવે મંત્રાલયને મોકલી આપ્યો છે. આ પ્રોજેક્ટ બાદ હવે આગામી સમયમાં બીલીમોરા-વઘઈ રૂટને બોડગેજ કરવા સાથે મનમાડ સુધી નવી લાઈન નાંખવામાં આવશે. સાપુતારાથી શિરડી સુધી રેલવે લાઈન નાંખવામાંથી હિલસ્ટેશનના નયનરમ્ય દ્રશ્ય સાથે શિરડી જતા ભક્તો માટે પણ સુવિધા ઉપલબ્ધ થશે.

# બનાસકાંઠાના ખેડૂતો પર વધુ એક આફત, કાતરા જીવાત પડતા પાકને નુકસાન

। બનાસકાંઠા, તા.૧૭ ।

કમોસમી વરસાદ બાદ બનાસકાંઠા જિલ્લાના ખેડૂતો પર વધુ એક આફત આવી પડી છે. કમોસમી વરસાદ બાદ ખેતરોમાં કાતરા જીવાત પડતા પાક અને પશુપાલનને વ્યાપક નુકશાન થયું છે. ડીસા પંથકમાં કાતરા નામની જીવાત પડતા એરંડા, રાજગરો પાકને નુકશાન થયું છે. તો ડીસાના સદરપુર ગામે કાતરા જીવાતથી ત્રણ પશુઓના મોત થયાની ચર્ચા છે.

### વડાલી નજીક ૬૫ લાખ રુપિયાની લૂંટનો બનાવ નોંધાયો

# ૧ કરોડનું દેવું થઈ જતા ૬૫ લાખની લૂંટનું તરકટ રચ્યુ

### ઉપજાવી નિકાળેલી લૂંટની ઘટનાને લઈ હવે પોલીસે ફરિયાદીને જ આરોપી બનાવી કાર્યવાહી શરુ કરી છે

। સાબરકાંઠા, તા.૧૭ ।

સાબરકાંઠા જિલ્લાના વડાલી નજીક ૬૫ લાખ રુપિયાની લૂંટનો બનાવ નોંધાયો હતો. બનાવને પગલે સાબરકાંઠા જિલ્લા પોલીસે તપાસ શરુ કરી હતી અને નાકાબંધી જિલ્લામાં આપવામાં આવી હતી.પરંતુ પ્રાથમિક પૂછપરછ દરમિયાન પોલીસને ફરિયાદી પર શંકા જવાને લઈ રોકડ રકમ હોવા અંગેની તપાસ શરુ કરવામાં આવી હતી. આખરે આખીય ઘટના ઉપજાવી નિકાળી હોવાનું સામે આવ્યુ હતુ. શુક્રવારે બપોરે દીલધડક લૂંટ થઈ હોવાની વાતો ચારે તરફ પ્રસરી હતી. પોલીસ પણ ચારે તરફ લૂંટારુઓને શોધવા લાગી હતી. પરંતુ ફરિયાદ લેવા માટે પૂછપરછ કરનાર પોલીસ અધિકારીઓએ આશંકા રાખી તપાસ શરુ કરી હતી. જેમાં ફરિયાદીની વાતો પર શંકાઓ વધવા લાગી હતી, જેને લઈ પોલીસે શંકાની દિશાઓમાં તપાસ શરુ કરી હતી.


નવી આશા, નવી સફર, IVFની મદદથી આશાને હકિકતમાં ફેરવો..

MERRYLAND

Women' s Hospital & IVF (ટેસ્ટ ટ્યુબ બેબી) સેન્ટર

રાહત દરે IVF પેકેજ/ઓપરેશન 0% વ્યાજદરે EMI સુવિધા ઉપલબ્ધ




સૌથી ઓછા પ્રયત્ને ઝડપી ગર્ભધારણ માટે
- કારણ વગરના ઓવમપિક-અપ અને એમ્બ્રીયો ટ્રાન્સફરને રોકવા
- ઓછામાં ઓછા પ્રયત્ને ગર્ભધારણ મેળવવા
- ગર્ભપાતની શક્યતા ઓછી કરવા
- સૌથી સચોટ પદ્ધતિનો ઉપયોગ

નિશુલ્ક વ્યંધત્વ નિદાન કેમ્પ
તા. ૩૧-૧૨-૨૦૨૩ સુધી
સમય સવારે ૧૧ થી સાંજે ૬ સુધી

જટિલ સમસ્યાઓનાં નિવારણ માટે
- IUI કે IVF માં એકથી વધુ વાર નિષ્ફળતા
- 0% કે નહીવત શુક્રાણું
- લાંબુ કે જટિલ વ્યંધત્વ
- ગમે તેવી મોટી ઉંમર કે નીચુ AMH
- PCOD સ્ત્રી બીજ ન બનવા કે છૂટા ન પાડવા
- બંને નળીઓ બંધ હોવી
- ગર્ભાશયમાં ગાંઠ હોવી
- એન્ડોમેટ્રીઓસીસ
- એડેનોમાયોસીસ

ઉપલબ્ધ સેવાઓ
- હાઈરિસ્ક પ્રેગનન્સી યુનિટ
- IUI, IVF સરોગેસી
- હિસ્ટ્રોસ્કોપી-લેપ્રોસ્કોપી
- હાઈરિસ્ક પ્રેગનેન્સી
- મેલ/ફિમેલ ઈનફર્ટીલીટી

દરેક ઈન્સ્યોરન્સ માટે કેશલેશ સુવિધાઓ ઉપલબ્ધ

ડો. હિતેશ પટેલ
(ઈનફર્ટીલીટી સ્પેશ્યાલિસ્ટ)

સરનામુ :- ત્રીજો માળ, ડ્રીમસ્કવેર, નિર્ણયનગર અંડરબ્રીજની બાજુમાં, અખબારનગર, અમદાવાદ, ગુજરાત, www.merrylandhospital.com

રજીસ્ટ્રેશન ફ્રિ પણ ફરજીયાત, તો કોલ કરો.. + 91 9081 66 33 55 / 66


માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨